

હે જીવ ! એક વાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ !
પર્યાયમાં સંસાર છે, વિકાર છે—એ ભૂલી જા ને નિજ શક્તિની સન્મુખ જો...

—પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૬ * (૫૧૫) * આત્મધર્મ * (અંક-૩ વર્ષ-૪૩) * વીર સં. ૨૫૧૨ સપ્ટેમ્બર, ૧૯૮૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જીવદયા, ઇન્દ્રિયોનું દમન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, સમ્યક્ દર્શન, જ્ઞાન તથા તપ—આ સર્વ શીલનો પરિવાર છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, શીલપાહુડ, ગાથા-૧૯)

૨. આ આત્મા કર્મના બંધનથી સહિત હોવા છતાં પણ કર્મ બંધનથી રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં પણ નિર્મળ છે અને દેહધારી હોવા છતાં પણ દેહથી રહિત છે. આ રીતે આ બધું આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધ ચંદ્રોદય-અધિકાર, શ્લોક-૧૬)

૩. જીવને જેટલું વૈષયિક (ઇન્દ્રિજન્ય) જ્ઞાન છે તે બધું પૌદ્ગલિક માનવામાં આવ્યું છે અને બીજું જે જ્ઞાન વિષયોથી પરાવૃત્ત છે—ઇન્દ્રિયોની સહાય વિનાનું છે તે બધું આત્મીય છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત-ચૂલિકા, શ્લોક-૧૬)

૪. અનંત સંસાર પરિપાટીના કારણરૂપ એ વિવાહ આદિ કાર્યો કરવા કરાવવાવાળા જે પોતાના કુટુંબીજનો તે જ ખરેખર આ જીવના એક પ્રકારે વેરી છે. જે એક જ વાર પ્રાણ હરણ કરે તે વેરી નથી પરંતુ આ તો અનંતવાર મરણ કરાવે છે તેથી તે વેરી છે, માટે તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું એ તને ઉચિત નથી.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૪)

૫. સુખમાં, દુઃખમાં, મહારોગમાં, ભૂખ આદિ ઉપદ્રવમાં—બાવીશ પરિષહોમાં અને ચાર પ્રકારના ઉપસર્ગ આવી પડે ત્યારે શુદ્ધ આત્માનું ચિંતન કરું.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૬, શ્લોક-૧૭)

—*—

કહાન
સંવત-૬
વર્ષ-૪૩
અંક-૩
[ ૫૧૫ ]

दंसणमूलो धम्मो।
ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૧૨
A. D. 1986
SEPTEMBER

# જિનશાસનમાં ભગવાને કહેલી વસ્તુ-વ્યવસ્થા

(શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી,
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

ત્રિલોકીનાથ ભગવાને છ દ્રવ્ય જોયા છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આ છ દ્રવ્ય છે. તે દરેક દ્રવ્યનું 'અસ્તિત્વ' છે તે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય સ્વભાવવાન છે અને અસ્તિત્વ એનો સ્વભાવ છે. તેથી, આત્માનું અસ્તિત્વ-હોવાપણું તે સ્વભાવ છે અને આત્મા સ્વભાવવાન છે.

આત્માનું હોવાપણું પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયથી છે. પરદ્રવ્યના કારણે આત્માનું હોવાપણું નથી. ઝીણી વાત છે. આ તો ભાઈ! પ્રવચનસાર છે. ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે.

આત્માના અસ્તિત્વને લીધે કર્મ અને શરીરાદિનું અસ્તિત્વ છે અને કર્મ, શરીરાદિને લીધે આત્માનું અસ્તિત્વ છે એમ નથી. આત્માનું અસ્તિત્વ આત્માથી છે અને કર્મ, શરીરાદિના રજકણોનું અસ્તિત્વ તે રજકણના કારણે છે.

ભગવાને છએ દ્રવ્યને અનાદિ-અનંત છે એમ જોયા છે. કેમ કે જે 'છે' તેની આદિ શી? અને જે છે તેનો અંત શો? વળી તેનું પરિણમન પણ અહેતુક છે અને અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાથી વિભાવધર્મથી વિલક્ષણ છે એટલે કે છે....છે....છે એવો જે અસ્તિત્વ સ્વભાવ છે તેમાં વિભાવધર્મ નથી. જ્ઞાન, દર્શન આદિમાં તો

તેનો વિભાવધર્મ હોય પણ અસ્તિત્વ એ એવો સ્વભાવ છે કે તેનો વિભાવધર્મ કોઈ હોતો નથી.

અસ્તિત્વ સ્વભાવ અને તેનો ભાવવાન-ધરનાર દ્રવ્ય એમ અનેકપણું હોવાં છતાં વસ્તુ અનેક નથી, એક જ છે, બંનેના પ્રદેશ જુદાં નથી.

ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણનાર સર્વજ્ઞદેવ શ્રી સીમંધર ભગવાન પાસે કુંદકુંદ આચાર્ય મહાવિદેહમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહીને ભરતમાં આવ્યા પછી આ શાસ્ત્રની રચના કરી છે. તે પછી હજાર વર્ષે અમૃતચંદ્ર આચાર્યદેવ થયા તેમણે ટીકા રચી છે. દિગંબર સંતોએ કહેલી આ વાત બીજે ક્યાંય નથી.

જેમ દરેક દ્રવ્યનું હોવાપણું તેના દ્રવ્યમાં સમાય જાય છે તેમ આત્માનું અસ્તિત્વ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સમાય છે. દ્રવ્યમાં અસ્તિત્વ પૂરણ, ગુણમાં પૂરણ અને પર્યાયમાં પૂરણ એમ જુદું જુદું અસ્તિત્વ નથી પણ ત્રણેયનું થઈને એક પૂરણ અસ્તિત્વ છે. કેમ કે દ્રવ્યની સિદ્ધિ તેના ગુણ-પર્યાયથી થાય છે અને ગુણ-પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે.

દરેક આત્મા અને દરેક પરમાણુની વર્તમાન પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યના લઈને છે. પર્યાયની ઉત્પત્તિ તેના દ્રવ્યને લઈને છે. બીજા દ્રવ્યને લીધે બીજા દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય એમ ત્રણકાળમાં બને નહિ.

શ્રોતા:—તો પછી કાંઈ કામ કરવાનું રહ્યું જ નહિ?

પૂજ્ય ગુરુદેવ:—અરે! પરનાં કામ કરી શકતો નથી તો કરે ક્યાંથી? ઘડાની ઉત્પત્તિનું કારણ માટી છે, કુંભાર નહિ. કુંભાર નિમિત્તકારણ ભલે હો પણ તેનાથી ઘડો ઉત્પન્ન થતો નથી.

અહીં એ સિદ્ધ કરવું છે કે જેમ દરેક દ્રવ્યમાં તેનું પૂરું અસ્તિત્વ સમાય જાય છે તેમ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં દરેકનું અલગ અસ્તિત્વ છે એમ નથી. ત્રણ થઈને એક અસ્તિત્વ છે. ભગવાનની વાણી છે આ તો બાપુ!

દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયનું થઈને એક અસ્તિત્વ છે. દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી છે અને ગુણ-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે.

લોકોને ભિન્ન ભિન્ન તત્વની શ્રદ્ધા નથી, એક તત્વ બીજાનું કરે અને બીજું તત્ત્વ પોતાનું કરે એમ લોકો ખીચડો કરે છે, પણ દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. જીવ પુદ્‌ગલનું ન કરે અને પુદ્‌ગલ જીવનું કાંઈ ન કરે. શરીરનું હલન-ચલન થાય છે તે શરીરના કારણે થાય છે. આત્માના કારણે નહિ. શરીરમાં નાડી ચાલતી બંધ થઈ માટે આત્મા ચાલ્યો ગયો એમ નથી. નાડી ચાલવાની અને બંધ થવાની દશા જડની છે અને આત્મા

ચાલ્યો જાય છે એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતાનું અસ્તિત્વ રાખીને અહીંથી ખસી જાય છે શરીર છૂટયું માટે આત્મા ચાલ્યો ગયો એમ નથી. દરેક દ્રવ્યની સિદ્ધિ પોતાના ગુણ-પર્યાયથી છે અન્ય દ્રવ્યથી નહિ અને દરેક ગુણ-પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી છે અન્ય દ્રવ્યથી નહિ. પણ લોકો તત્ત્વના સ્વરૂપને જાણતાં નથી અને ખીચડો કરે છે.

મુમુક્ષુઃ—ખીચડો તો બહુ સારો લાગે!

પૂજ્ય ગુરુદેવઃ—બાજરામાં કાંકરા નાખેલો ખીચડો મીઠો ન લાગે તેમ એક દ્રવ્યમાં બીજાં દ્રવ્યને ભેળવે તે ખીચડો સારો ન હોય. તે તો મિથ્યાત્વ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય પરસ્પર એકબીજાથી સિદ્ધ થતાં હોવાથી દ્રવ્ય ન હોય તો ગુણ-પર્યાય ન હોય અને ગુણ-પર્યાય ન હોય તો દ્રવ્ય ન હોય. આત્મામાં જે રાગ-દ્વેષની પર્યાય થાય તે પર્યાય અને ચારિત્રગુણ દ્રવ્યની સિદ્ધિ કરે છે. રાગ-દ્વેષ છે તે કર્મને લઈને થયા છે એમ નથી, વિકારની પર્યાય અને ગુણ તે દ્રવ્યની સિદ્ધિ છે અને દ્રવ્ય તે ગુણ-પર્યાયની સિદ્ધિ છે. વિકારની સિદ્ધિ તેના દ્રવ્યથી છે, કર્મથી નહિ.

જેમ, સુવર્ણની પીળાશ આદિ ગુણ અને કુંડલાદિ પર્યાય સુવર્ણથી થાય છે, સોનીથી નહિ. જેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એક જ છે એવા સુવર્ણના ગુણો અને પર્યાયોનો કર્તા–કરણ અને આધાર સોનું છે, સોની કે હથોડો આદિ તેના કર્તા–કરણ કે આધાર નથી.

દુકાનમાં બેઠેલા માણસનો આત્મા તેના ગુણ–પર્યાયનો કર્તા છે. માલ લેવા–દેવાની ક્રિયાનો કર્તા તે આત્મા નથી.

પીળાશ આદિરૂપે અને કુંડલ આદિરૂપે પરિણમવું તે સુવર્ણનો સ્વભાવ છે તેમ નહિ માનતાં સોનીએ કુંડલ બનાવ્યા એમ માનવું તે મિથ્યાત્વ છે, ભગવાનના માર્ગથી બહાર છે.

રોટલીની પર્યાયનો કર્તા-કરણ અને સાધન લોટ છે; સ્ત્રી, પાટલી કે વેલણ આદિ નહિ. કેમ કે ગુણ–પર્યાયનો કર્તા-કરણ અને સાધન તેનું દ્રવ્ય છે. જીવના જ્ઞાન–દર્શન આદિ પર્યાયોનો કર્તા-કરણ અને સાધન જીવ છે, અન્યદ્રવ્ય નહિ. ત્રિકાળ રહેતાં ગુણો અને તેની વર્તમાન અવસ્થા વડે દ્રવ્યનું અસ્તિત્વ છે, અને ગુણ–પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યથી છે.

આ અક્ષર જે પડે છે તેના સ્પર્શ–રસ આદિ ગુણો છે અને અક્ષર એ તેની પર્યાય છે તેનો કર્તા પરમાણુ છે,—એમ નહિ માનતાં લખનારો કહે કે હું આ અક્ષર લખું છું તો તે માન્યતા મિથ્યાભ્રમ–અજ્ઞાન છે.

હરેક દ્રવ્યના ગુણ–પર્યાયનો કર્તા-કરણ અને આધાર તે દ્રવ્ય જ છે તેને બદલે અન્ય દ્રવ્યને કર્તા–કરણ–આધાર માનવા તે મિથ્યાભ્રમ છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી એક એવા ગુણ–પર્યાય તેના દ્રવ્યથી કદી જુદાં જોવામાં આવતાં નથી. ગુણ–પર્યાય એ તેના દ્રવ્યનું જ અસ્તિત્વ છે તેથી તેનો આધાર અને કર્તા પણ તે દ્રવ્ય જ છે.

પાંચ–પચાસ હજાર રૂપિયાની નોટો દાનમાં દીધી તે નોટ અહીંથી ત્યાં ગઈ તે નોટના પરમાણુની પર્યાય છે તેનો આધાર પરમાણુ છે. ત્યાં દેનારો કહે મેં આ પૈસા આપ્યાં તે તદ્દન ભ્રમ અને અજ્ઞાન છે.

જેમ દ્રવ્ય તેના ગુણ–પર્યાયનો કર્તા-કરણ અને અધિકરણ છે તેમ, ગુણ–પર્યાય તે દ્રવ્યના કર્તા-કરણ અને અધિકરણ છે.

આ તો ભેદવિજ્ઞાન કરવાની વાતો છે બાપા! પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયથી પરિણમે છે એ પર્યાયનો આધાર તેનું દ્રવ્ય છે, એ પર્યાય બીજો દ્રવ્ય કરે તેમ ત્રણકાળમાં બનતું નથી.

પીળાશ આદિ ગુણ અને કુંડલાદિ પર્યાય સુવર્ણના સ્વરૂપને ધારણ કરી રાખે છે તેવા સુવર્ણના સ્વરૂપને ધારણ કરેલા ગુણ અને પર્યાયથી તે દ્રવ્યની નિષ્પત્તિ થાય છે. પાણીનો દાખલો લ્યો તો પાણીના ગુણ–પર્યાયનો કર્તા-કરણ અને આધાર તે પાણીના પરમાણુ છે અને તે પરમાણુનો કર્તા-કરણ-આધાર તેના ગુણ–પર્યાય છે. બીજો કોઈ એમ કહે કે પાણી પીધું કે લીધું તે મિથ્યાભ્રમ છે.

એક વાત આવી ગઈ કે વસ્તુ છે—જે દ્રવ્ય છે તે તેના ગુણ અને પર્યાયનો કર્તા-કરણ અને આધાર છે. હવે ગુંલાટ ખાય છે કે ગુણ અને પર્યાય તે દ્રવ્યનો કર્તા, ગુણ અને પર્યાય દ્રવ્યનું કરણ અને ગુણ અને પર્યાય જ દ્રવ્યના આધાર છે.

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની કહેલી વાતો છે. ભગવાને જ્ઞાનમાં જેવું જોયું અને જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું કહ્યું છે. જૈનમાં જન્મેલાઓએ પણ કેટલાકે તો આ વાત નહિ સાંભળી હોય. બીજાને મદદ કરો—ભૂખ્યાને આહાર આપો–તરસ્યાને પાણી આપો અને થઈ ગયો ધર્મ. બાપુ! કોણ કોને આપે? પરમાણુની જે ક્ષણે જે અવસ્થા થાય તેનો અને તે ગુણનો કર્તા તેનું દ્રવ્ય છે અને તે દ્રવ્યનો કર્તા ગુણ અને પર્યાય છે. ગુણ અને પર્યાય તેના દ્રવ્યના કર્તા-કરણ અને આધાર છે.

આ ડબ્બીના આધારે પુસ્તક નથી. તેના ગુણ અને પર્યાયના આધારે તેનું દ્રવ્ય છે. ગુણ અને પર્યાય કર્તા છે અને દ્રવ્ય તેનું કાર્ય છે. સમજાણું કાંઈ? આ વાત ક્યાં સાંભળવા મળે!

પહેલાં એમ કહ્યું હતું કે સુવર્ણના પીળાશ, ચીકાશ આદિ ગુણ અને કુંડલ આદિ

પર્યાયનો કર્તા-સાધન અને આધાર સુવર્ણ છે, દ્રવ્ય છે, અને હવે એમ કહ્યું કે પીળાશ, ચીકાશ આદિ ગુણ અને કુંડલ આદિ પર્યાય તે દ્રવ્યના (સુવર્ણના) કર્તા-સાધન અને આધાર છે. તેમ દરેક આત્મા અને પરમાણુ દ્રવ્યની સિદ્ધિ તેના ગુણ-પર્યાયથી થાય અને ગુણ-પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે. અહા! આવી વાત છે! આ જ્ઞેય અધિકાર છે. સમ્યગ્દર્શનનો અધિકાર છે, ભગવાને જ્ઞાનમાં જે જે જ્ઞેયો જોયાં તે તેના ગુણ-પર્યાયથી સિદ્ધ થાય છે.

દ્રવ્યની શક્તિ એટલે ગુણ અને વર્તમાન અવસ્થા એટલે પર્યાય તે દ્રવ્યને સિદ્ધ કરે છે એટલે કે દ્રવ્યના કર્તા-કરણ અને આધાર તેના ગુણ અને પર્યાય છે અને તે ગુણ-પર્યાયનો કર્તા-કરણ અને આધાર દ્રવ્ય છે. આમ અરસ-પરસ છે.

ભગવાને અનંત આત્માઓ, અનંત પુદ્ગલ, એક ધર્મ, એક અધર્મ અને આકાશ અને અસંખ્યાત કાળદ્રવ્ય એમ અનંત દ્રવ્યો ભગવાને જ્ઞાનમાં જાણ્યાં તે દરેક દ્રવ્યની વર્તમાન જે પર્યાય થાય તેનો આધાર તે દ્રવ્ય છે. તે પર્યાયનો આધાર અન્યદ્રવ્ય ત્રણકાળમાં નથી. તેમ તે દ્રવ્યનો કર્તા-કરણ અને આધાર તેના ગુણ અને પર્યાય છે.

પરમાત્મા વીતરાગદેવ સીમંધરપ્રભુ મહાવિદેહમાં બિરાજે છે તેની આ વાણી છે.

આ હોઠ હલે છે તે પર્યાયનો કર્તા-કરણ અને આધાર તેનું દ્રવ્ય પરમાણુ છે અને તે પરમાણુનો આધાર તેના ગુણ અને પર્યાય છે, અન્ય દ્રવ્ય નહિ. લોકોને આ વાત પાગલ જેવી લાગે છે. આખો દિવસ અમે પરના કાર્ય કરીએ છીએ અને તમે કહો છો તે કાર્ય તેનાથી જ થાય છે! ભાઈ! તને ખબર નથી. તત્ત્વની-વસ્તુની શું મર્યાદા છે તેની તને ખબર નથી તેથી તારી માન્યતા છે તે મિથ્યા છે.

સામાયિકમાં બેસતાં ' નમો અરિહંતાણમ્ ' બોલે છે તે ભાષાનો કર્તા પરમાણુ છે, જીવદ્રવ્ય નહિ, પણ બોલવાનો વિકલ્પ ઉઠયો તે વિકલ્પનો કર્તા જીવદ્રવ્ય છે, પુદ્ગલ નહિ. લોકોને આ વાત પાગલ જેવી લાગે છે પણ એક દ્રવ્યનો કર્તા બીજાને માને તે પોતે જ મોટો પાગલ છે.

ભગવાને જે અનંત દ્રવ્યો જોયા તે તેના ગુણ-પર્યાયને આધારે છે. દ્રવ્યનો કર્તા અને કરણ ગુણ અને પર્યાય છે, અને ગુણ-પર્યાયનો કર્તા-કરણ અને આધાર તેનું દ્રવ્ય છે. આ તો પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકીનાથની કોલેજ છે. દ્રવ્યને કારણે ગુણ-પર્યાય સિદ્ધ થાય છે અને ગુણ-પર્યાયને કારણે દ્રવ્ય સિદ્ધ થાય છે. આ તો વીતરાગ કેવળી પરમાત્માનું મૂળતત્ત્વ છે. આ મૂળતત્ત્વની જેને ખબર નથી તેને સમકિત નથી, તો ધર્મ કેવો?

આહાહા....! આત્મા અને પરમાણુ આદિ દ્રવ્યનું મૂળ સાધન તેના ગુણ અને પર્યાય છે. ગુણ-પર્યાયને સિદ્ધ કરવાનું સાધન તો દ્રવ્ય છે જ પણ અહીં તો કહ્યું કે

તે દ્રવ્યને સિદ્ધ કરવાનું સાધન તેના ગુણ અને પર્યાય છે. એક દ્રવ્યની વર્તમાન પર્યાય થઈ તે અન્ય દ્રવ્યને સિદ્ધ નથી કરતી, પોતાના દ્રવ્યને જ સિદ્ધ કરે છે. અન્ય દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યને સિદ્ધ કરે છે અને આ દ્રવ્યની પર્યાય આ દ્રવ્યને સિદ્ધ કરે છે. આમ દ્રવ્યને સિદ્ધ કરવાનું મૂળ સાધન તેના ગુણ અને પર્યાય છે.

સુવર્ણનું મૂળ સાધન તેના પીળાશ-ચીકાશ આદિ ગુણ અને કુંડલ આદિ પર્યાય છે તેમ દરેક દ્રવ્યનું મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું જે અસ્તિત્વ છે તે સ્વભાવ છે દ્રવ્ય તો ગુણ-પર્યાયનું કર્તા, કર્મ અને સાધન છે જ પણ દ્રવ્યને સિદ્ધ કરવાનું મૂળ સાધન, કર્તા અને આધાર તેના ગુણ-પર્યાય છે.

સોનાને પીળાશ આદિ ગુણ અને કુંડલ આદિ પર્યાય ધારણ કરે છે તેથી પીળાશ આદિ અને કુંડલ આદિના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે. પીળાશ આદિ અને કુંડલાદિ ન હોય તો સુવર્ણ પણ ન હોય. તેવી રીતે, ગુણ-પર્યાયથી ભિન્ન નહિ જોવામાં આવતાં એવા દરેક દ્રવ્યનું અસ્તિત્વ તે જ ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે. કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતાં હોવાથી ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે. ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય—આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.

—*—

### * રાગથી ભિન્ન આત્માને અંતરમાં અવલોક *

અરે ભાઈ! રાગનું કરવું ને ભોગવવું તો તે અનંતીવાર કર્યું છે. ભાવ પરાવર્તનમાં શુભરાગ અનંતીવાર કર્યા છે. શુભરાગ સાથે એકત્વબુદ્ધિ રાખીને નવમી ગ્રૈવયક અનંતવાર ગયો પણ ભિન્ન આત્માનું એકત્વ ભાસ્યું નહિ. રાગથી ભિન્ન આત્માનું એકત્વ સદાકાળ અંતરમાં પ્રકાશમાન છે પણ રાગની એકતાથી એની દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે તેથી દેખવામાં આવતું નથી. રાગ છે તે હું છું ને શુભરાગથી મને લાભ થાય છે એ માન્યતા જ આત્માનું અત્યંત ભૂંડું કરનારી છે, વિસંવાદ ઊભો કરનારી છે, આત્માનું બૂરું કરનારી છે. તેથી શુભરાગથી ભિન્ન આત્માનું એકત્વ આચાર્યદેવે સમયસાર ગાથા ચોથીમાં સમજાવ્યું છે.

—પૂજ્ય ગુરુદેવ

# 卐 સાચી સામાયિક 卐

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૨ )

આ શ્રી યોગસાર શાસ્ત્ર ચાલે છે. તેમાં હવે ૯૯મી ગાથામાં યોગીન્દ્રદેવ ચારિત્ર એટલે સમભાવ કોને કહેવાય, કોને હોય અને કેમ હોય તે વાત કરે છે.

સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ,
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાય. ૯૯.

શ્રીમદ્ કહે છે ને કે ' સર્વ જીવ છે સિદ્ધ સમ. ' એ જ વાત અહીં યોગીન્દ્રદેવ કહે છે કે ' સર્વ જીવ છે જ્ઞાનમય. ' સર્વ જીવો જ્ઞાનમય છે એમ પોતાનો આત્મા પણ જ્ઞાનમય છે એમ જોતાં સમભાવ પ્રગટ થાય છે.

પોતે જ્ઞાનમય છે એમ જોતાં વીતરાગતા પ્રગટ થાય છે અને બીજા સર્વ જીવો જ્ઞાનમય છે એમ જોતાં આ ઠીક છે અને આ અઠીક છે એવી બુદ્ધિ રહેતી નથી. સર્વ જીવને જ્ઞાનમય ન દેખતાં કર્મના વશે તેની થયેલી વિવિધ પર્યાયને દેખીને ઠીક–અઠીક બુદ્ધિ કરતો હતો તેનો અભાવ થાય છે. જ્ઞાનાવરણીને આધીન જ્ઞાનનું ઓછા–વધતાપણું હોય, દર્શનાવરણીને આધીન દર્શનનો ક્ષયોપશમ ઓછો–વધારે હોય, મોહનીયને આધીન મિથ્યાભ્રાંતિ અને રાગાદિ હોય અને અંતરાયને આધીન થતાં પોતાને વિકાર આદિ દેખાય, આયુષ્ય કર્મને આધીન દીર્ઘ કે થોડું આયુષ્ય હોય, નામકર્મને આધીન સુડોળ કે બેડોળ શરીર દેખાય, ગોત્ર કર્મને આધીન ઊંચ–નીચ દશા દેખાય પણ તે તો બધી પર્યાય છે. વેદનીયને આધીન શાતા–અશાતાનો ઉદય દેખાય પણ તે તો બધો સંયોગ છે, તે માત્ર જાણવા લાયક છે.

નિજ આત્મા અને પર સર્વ આત્માને માત્ર જ્ઞાતા–દૃષ્ટા–જ્ઞાનમય જોતાં પર્યાયના ફેરફાર અને સંયોગના ફેરફાર તો માત્ર જાણવા લાયક દેખાય છે. કોઈમાં ઠીક–અઠીક બુદ્ધિ થતી નથી. આ શેઠ છે અને આ ગરીબ છે એમ જોયું તે તો વેદનીય કર્મને આધીન મળેલાં સંયોગોને જોવાની વાત છે, એવી સંયોગ આધીન દૃષ્ટિ ન કરતાં સ્વભાવદૃષ્ટિથી બધાંને જ્ઞાનમય જોનારા જ્ઞાનીને આ ઠીક છે અને આ અઠીક છે—એવાં રાગ-દ્વેષ થતાં નથી.

આહાહા....! ' સર્વ જીવ છે જ્ઞાનમય ' એમાં આચાર્યદેવે કેટલું ભરી દીધું છે! ભાવ હો કે અભાવ હો પણ નિશ્ચયથી પરમ સત્ પ્રભુ જ્ઞાનમય છે. તેમાં ઓછા–

વધતાંપણાની પણ વાત નથી. સર્વ જીવ જ્ઞાનમય છે તેમ હું પણ જ્ઞાનમય ચૈતન્યબિંબ સ્વરૂપ છું એવી દૃષ્ટિ થતાં તેને અંતરના આશ્રયમાં વીતરાગતાની જ ઉત્પત્તિ થાય, તેને જ સામાયિક અને સમભાવ કહેવામાં આવે છે.

સ્વરૂપે તો દરેક જીવ 'જ્ઞાનમય' કહેતાં સમભાવ સ્વરૂપ જ છે પણ તેની અંદર નજર પડતાં સમભાવ પર્યાયમાં પ્રગટ થાય છે.

સમયસારમાં પણ ૧૧ મી ગાથામાં કુંદકુંદાચાર્ય કહે છે કે ભૂતાર્થ એટલે જ્ઞાનમય આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને તેના જ આશ્રયે સમભાવ–ચારિત્ર પ્રગટ થાય છે. જ્ઞાનમય વસ્તુ અર્થાત્ વીતરાગતામય અર્થાત્ નિર્વિકલ્પ સમરસીસ્વભાવ–એકરૂપ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્‌ચારિત્ર થાય, શુકલધ્યાન થાય અને કેવળજ્ઞાન પણ તેના જ આશ્રયે થાય છે. સમયસારમાં બધાં શાસ્ત્રોનાં બીજડાં પડયાં છે.

પોતાના આત્મામાં અને બીજા અનંતા આત્મામાં કર્મના વશે જે પર્યાયમાં વિષમતા–વિવિધતા થાય છે તે કાંઈ વસ્તુનું મૂળ સ્વરૂપ નથી. વસ્તુસ્વરૂપે તો બધાં જ્ઞાનમય છે એમ જોતાં આ ઠીક છે કે આ અઠીક છે એવી વૃત્તિ જ ઊઠી થતી નથી.

વ્યવહાર અને પર્યાયદૃષ્ટિથી જોવાની આંખ બંધ કરીને વસ્તુના કાયમી અસલી સ્વભાવની દૃષ્ટિથી જુએ તો પોતાને પણ જ્ઞાનમય જુએ અને બધાં પર જીવોને પણ એ સમભાવથી ભરેલાં ભગવાન જ જુએ.

યોગીન્દ્રદેવ આ સામાયિક અર્થાત્ સમભાવની વ્યાખ્યા કરે છે અને ભગવાનનો આધાર આપે છે કે જિનવરદેવ આમ કહે છે.

જીવ કર્તા થઈને પોતાના પુરુષાર્થથી પોતાને અને બધાં જીવોને 'જ્ઞાનમય' જોવાની સમભાવ દૃષ્ટિ પ્રગટ કરે છે. કર્મને વશ થતાં જીવને અનેક વિષમ પર્યાયો થવા છતાં, તેને દેખવાં છત ાં દ્રવ્ય–દૃષ્ટિએ બધાં આત્મા જ્ઞાનમય ભગવાન છે એમ પોતાના પુરુષાર્થથી સમભાવની દૃષ્ટિએ જોતાં પર્યાયમાં સમભાવ પ્રગટ થાય છે.

સામાયિકની વ્યાખ્યા કરતાં આમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને વીતરાગભાવ ત્રણેયની વ્યાખ્યા આવી જાય છે.

જ્ઞાન સિવાયના બીજા ગુણો પોતાનું અસ્તિત્વ ધરાવે છે તે પણ પોતાને કે બીજા ગુણોને જાણતા નથી તેથી તેને નિર્વિકલ્પ કહેવાય છે અને જ્ઞાન પોતાને તો જાણે પણ બીજા અનંત ગુણોને પણ જાણે છે તેથી તેને સવિકલ્પ અને સાકાર પણ કહેવાય છે. આ જ્ઞાન તે આત્માનો અસાધારણ ગુણ છે તેને પરમભાવ–ગ્રાહકનય પણ કહેવાય છે.

'જ્ઞાનમય' આત્માની દૃષ્ટિ કરતાં આત્મા જ્ઞાતા–દૃષ્ટા થઈ જાય છે તેથી 'જ્ઞાનમય'

આત્માનો નિર્ણય કરતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમભાવની ઉત્પત્તિ થાય છે.

જ્ઞાનને સવિકલ્પ કહ્યું તેનો અર્થ સ્વ-પરને જાણે તે સવિકલ્પ એમ છે. સવિકલ્પ કહેતાં તેમાં રાગ છે એમ નથી. સ્વ-પરને ન જાણે તે નિર્વિકલ્પ અને સ્વ-પરને જાણે તે સવિકલ્પ એવો અહીં અર્થ લેવો. આ દૃષ્ટિએ જ ભગવાનના કેવળજ્ઞાનને પણ સવિકલ્પ કહેવાય છે.

ભગવાન સર્વજ્ઞ છે. તેથી સર્વને જાણે છે તો સર્વમાં પરદ્રવ્યને જાણવું એ કાંઈ વિકલ્પ નથી. એ તો જ્ઞાનની વીતરાગી દશા છે. સર્વને જાણે છે માટે વ્યવહાર થઈ ગયો કે રાગ થઈ ગયો એમ નથી. આત્મજ્ઞાનમય સર્વજ્ઞત્વશક્તિ છે. આત્મજ્ઞાનમય થઈને પરને જાણે છે તેમાં પરની અપેક્ષા નથી તેથી સર્વને જાણતાં રાગ થાય કે વિકલ્પ થાય કે ઉપચાર આવે છે એમ વાત જ નથી. સ્વ અને પરનું પૂરું જાણવું-દેખવું થાય એવી જ સર્વદર્શિત્વ અને સર્વજ્ઞત્વ શક્તિ છે.

નિશ્ચયથી હું જ્ઞાનમય છું અને પરજીવો પણ જ્ઞાનમય છે એમ જોતાં સમભાવ પ્રગટ થાય છે. પરદ્રવ્યની કે રાગની અપેક્ષા વિના સ્વના સામર્થ્યથી જે આ જ્ઞાન થાય છે તે સમભાવ છે. સમભાવ છે તેને જ ખરી સામાયિક હોય છે.

આઠ કર્મોને વશ થતાં જીવની જ્ઞાન આદિની જે હીનાધિક અવસ્થા થાય છે તે તો પર્યાયદૃષ્ટિનો વિષય છે તેને અહીં નિશ્ચયદૃષ્ટિમાં ગૌણ કરી છે. ભેદ, રાગ અને અલ્પતાના વ્યવહારનો અભાવ કરીને નહિ પણ તેને ગૌણ કરીને અભેદ એકરૂપ જ્ઞાન આનંદમય સ્વભાવને મુખ્ય કરીને દૃષ્ટિ કરતાં પર્યાયમાં સમભાવ પ્રગટ થાય છે.

મારો સ્વભાવ તો જ્ઞાનમય, આનંદમય આદિ સ્વભાવમય છે એમ જાણીને જે આત્મસ્થ થાય છે તેને સમભાવ પ્રાપ્ત થાય છે. તે જીવ આત્માનુભવમાં આવી જાય છે ત્યારે જ પરમ નિર્જરાના કારણરૂપ સામાયિક ચારિત્રનો પ્રકાશ થાય છે.

ઘણાએ ઘણી સામાયિક કરી હશે પણ આ તો કોઈ જુદી જ જાતની સામાયિકની વાત છે. આ એક સમયની સામાયિક ભવના અભાવનું ફળ લાવે છે.

સ્વભાવ અને સ્વભાવવાનની અભેદતા જેણે દૃષ્ટિમાં લીધી, જ્ઞાનમાં જાણી અને તેમાં ઠર્યો તેને ભવ હોય જ નહિ કારણ કે જ્ઞાનમાત્ર વસ્તુમાં ભવ અને ભવનો ભાવ જ નથી.

આ તો ભાઈ! આચાર્યોના શબ્દો છે. તેમાં ઘણી ગૂઢ ગંભીરતા ભરી છે. એક એક શબ્દમાં ઘણાં ઊંડા ભાવો ભર્યા છે.

પોતાના સ્વભાવના સામર્થ્યથી પરને પણ જ્ઞાનમય જોતાં તેની પર્યાયમાં સમભાવ પ્રગટ થાય છે જે નિર્જરાનું કારણ છે.

આહાહા....! દ્રવ્યમાં ભવ કેવા ? ગુણમાં ભવ કેવા ? અને જે પર્યાયે એ દ્રવ્ય-ગુણનો નિર્ણય કર્યો તેમાં પણ ભવ કેવો ? ભગવાન આત્માનો સ્વભાવ ભવના અભાવસ્વરૂપ જ છે તેથી તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં ભવ ન હોય. દ્રવ્યમાં ભવનો અભાવભાવ, ગુણમાં પણ ભવનો અભાવભાવ અને તેના આશ્રયે પ્રગટેલી સમભાવની પર્યાયમાં પણ ભવનો અભાવભાવ છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ ભગવાને કહ્યું છે.

વિકલ્પ રહિત ભાવમાં રહેવું તે જ સામાયિક છે, તે જ મુનિપદ છે અને તે જ રત્નત્રયની એકતારૂપ મોક્ષમાર્ગ છે. તેમાં વચ્ચે નબળાઈના રાગાદિ વિકલ્પ હોય, ન હોય એમ નથી પણ તે કાંઈ જીવનું કાયમી સ્વરૂપ નથી. પર તરફના ઝુકાવવાળા રાગાદિભાવ પર્યાયદૃષ્ટિનો વિષય છે, માત્ર જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આદરણીય તો એક ભવના અભાવસ્વરૂપ નિજ જ્ઞાનસ્વભાવ જ છે.

અહા ! મુનિઓની શી વાત કરવી ? એક વિકલ્પ આવ્યો શાસ્ત્ર રચવાનો, તેમાં થોડામાં કેટલું ભરી દીધું છે ! પણ કહે છે કે વાણી લખવાની ક્રિયા એ તો જડની છે, લખવાનો વિકલ્પ ઉઠયો તે પણ મારો સ્વભાવ નથી. તે તો પર્યાયદૃષ્ટિનો વિષય છે. નિશ્ચયથી તો હું પણ જ્ઞાનમય છું અને બધાં આત્માઓ પણ જ્ઞાનમય છે. આખો લોક જ્ઞાનમય પરમાત્માથી ભરેલો છે. બધાંની સત્તા જુદી જુદી છે, સિદ્ધની પણ દરેકની સત્તા અલગ-અલગ છે. કેમ કે મોક્ષ થાય ત્યાં સત્તાનો અભાવ થતો નથી. વિકારનો અભાવ થાય છે, તેથી મોક્ષમાં જ્યોતમાં જ્યોત ભળી જાય છે એ અન્યમતિની વાત જૂઠી છે. દરેક સિદ્ધ જીવની સત્તા જુદી-જુદી છે. એક ક્ષેત્રમાં રહેવા છતાં અનંત સિદ્ધોની સત્તા ન્યારી-ન્યારી છે. દરેકનો અસ્તિત્વગુણ જ એવો છે કે જેને લઈને દરેકનું અનાદિ-અનંત સ્વતંત્ર અસ્તિત્વ ટકી રહે છે કોઈમાં કોઈનું અસ્તિત્વ ભળી જતું નથી.

આગળ ત્રણ પ્રશ્ન કર્યા હતાં કે સામાયિક કેવી હોય, કોને હોય અને કેમ હોય ? તો કહે છે કે આ ઉપર કહી તેવી સ્વભાવની દૃષ્ટિપૂર્વકની સામાયિક હોય, કોને હોય—કે જે સર્વને જ્ઞાનમય દેખે તેને હોય અને કેમ હોય ? કે સ્વભાવનો આશ્રય કરવાથી હોય.

જે પોતાના રાગ અને ભેદને ગૌણ કરીને સ્વભાવને જુએ છે તે બીજાને પણ તેના રાગ અને ભેદને ગૌણ કરીને જ્ઞાનમય સ્વભાવને જુએ છે તેને જ સમભાવ પ્રગટ થાય છે અને વિષમદૃષ્ટિ છૂટી જાય છે. આ પરમાત્મા છે માટે રાગ કરવો કે આ જૈન-દર્શનનો વિરોધી છે માટે દ્વેષ કરવો એ વાત જ આ સ્વભાવદૃષ્ટિમાં નથી.

યોગીન્દ્રદેવ અમૃતાશિતિનો આધાર આપે છે કે 'જ્ઞાની શુદ્ધ, પૂર્ણ, નિર્વિકલ્પ, નિરંજન, નિર્મોહ નિજ આત્મસમાધિમાં સુખામૃત લક્ષણ ગિરિગૂફામાં સ્થિત થાય છે.' નિજ આત્માની દૃષ્ટિ કરીને સ્થિર થાય તે ગિરિગૂફા છે, બાકી બહારથી ગિરિગૂફામાં જઈને બેસે તેથી શું ?

આચાર્યદેવની કેટલી કરુણાદૃષ્ટિ છે કે શિષ્યને 'મિત્ર' કહીને બોલાવે છે. હે મિત્ર! સામ્યભાવની ગિરિગૂફામાં બેસીને, નિર્દોષ પદમાં સમાધિ બાંધીને પોતાના એક આત્મામાં તું તારાં પરમાત્મપદને ધ્યાવ! જેથી તું સાચા સુખનો અનુભવ કરી શકીશ.

હવે ૧૦૦મી ગાથામાં પણ મુનિરાજ સામાયિકની જ વાત કરે છે.

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ,
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૧૦૦.

જે કોઈ જીવ રાગ-દ્વેષને ત્યાગીને એટલે એકરૂપ શુદ્ધ આત્માની દૃષ્ટિપૂર્વક વિષમતાને ત્યાગીને સમતાભાવને ધારે છે તેને પ્રગટપણે સામાયિક છે એમ જિનવરદેવ કહે છે.

પોતાને ન્યાલ કરવાનો ઉપાય પોતામાં જ છે. ક્યાંય બહાર નથી. પણ બહારની ચીજના માહાત્મ્ય આડે આત્મા તો કોઈ જાણે વસ્તુ જ નથી એમ અજ્ઞાનીને થઈ ગયું છે. પરચીજ, શુભભાવ કે ક્ષયોપશમ જ્ઞાનની મહિમાની આડમાં અજ્ઞાની આખા ચૈતન્યદેવની મહિમાને ચૂકી જાય છે. મિથ્યાદૃષ્ટિ સંયોગમાં, વિકારમાં કે અલ્પજ્ઞ આદિ પર્યાયમાં જ પોતાનું હોવાપણું સ્વીકારે છે તેથી તેની અસત્ દૃષ્ટિમાં રાગ-દ્વેષ સાથે જ વસેલા છે. પોતામાં પર્યાયદૃષ્ટિ છે એટલે બીજા જીવોને પણ પર્યાયદૃષ્ટિથી જોઈને રાગ-દ્વેષ કર્યા કરે છે. મિથ્યાદૃષ્ટિનું ઉલ્લસિત વીર્ય પરમાં જ રોકાઈ ગયું છે, ત્યાં જ સુખ માને છે અને જેણે ભગવાન આત્માનો ભેટો કર્યો તે ૯૬૦૦૦ રાણીના વૃંદમાં પણ સુખ માનતો નથી. તેની દૃષ્ટિની કેટલી કિંમત! દૃષ્ટિ આખી સ્વભાવ તરફ ગુલાંટ ખાઈ ગઈ છે તેને બહારમાં ક્યાંય સુખ ભાસતું જ નથી.

પરજ્ઞેયમાં બે ભાગલા પાડે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આ ઠીક અને આ અઠીક એવી બુદ્ધિ મિથ્યાદૃષ્ટિને જ હોય છે. જ્ઞાનીને એવી બુદ્ધિ ન હોય. અસ્થિરતાને કારણે ઇષ્ટ-અનિષ્ટની વૃત્તિ ઉઠી જાય છે પણ તે પરને કારણે નહિ. અને સ્વભાવના કારણે પણ નહિ. માત્ર એક ચારિત્રના દોષને કારણે કમજોરી છે તેથી ઇષ્ટ-અનિષ્ટની વૃત્તિ ઉઠે છે પણ તે જ્ઞેયમાં બે ભાગલા પાડતાં નથી. (ક્રમશઃ)

—૦—

*** સર્વજ્ઞસ્વભાવનો વિશ્વાસ કર ***

અહો! આત્મા સર્વજ્ઞ સ્વભાવી જ છે. જાણવું...જાણવું...જાણવું...જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ-વાણી-મન-વિકલ્પો આદિ બધું જણાય છે, એ જાણનારો તું છો તેમ જાણ-વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે! —પૂજ્ય ગુરુદેવ

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[ગાથા ૧૫૩ થી ૧૭૫ સુધીમાં જીવોના અલ્પ-બહુત્વ આયુષ્ય તથા અવગાહનાનું વર્ણન કર્યું છે; તે મૂળ શાસ્ત્રમાંથી જાણી લેવું.]

સર્વજ્ઞદેવે લોકનું અસ્તિત્વ અનાદિ અનંત જોયું છે; ધર્મી જીવ જ્ઞાનસ્વભાવની પ્રતીત પૂર્વક એવા લોકનું સ્વરૂપ વિચારે છે. ક્યાં જીવોની કેટલી સંખ્યા છે, કેટલું આયુષ્ય છે તથા કેટલી અવગાહના છે તે બધું સર્વજ્ઞદેવની આજ્ઞા પ્રમાણે સમજવું જોઈએ.

જીવ લોકપ્રમાણ પણ છે ને દેહપ્રમાણ પણ છે તે કઈ રીતે? તે કહે છે.

लोकप्रमाणः जीवः देहप्रमाणः अपि आस्ते क्षेत्रे ।
अवगाहनशक्तितः संहरणविसर्प्पधर्मात् ॥१७६॥

**અર્થઃ—જીવ લોકપ્રમાણ છે તથા દેહપ્રમાણ પણ છે, કારણ કે સંકોચ-વિસ્તાર-ધર્મ તેમાં થાય એવી અવગાહનશક્તિ તેમાં છે. ૧૭૬.**

એક એક જીવમાં અસંખ્ય પ્રદેશો છે, તેનો આકાર દેહના આકાર પ્રમાણે છે, તે કોઈ વખત પ્રદેશોનો વિસ્તાર થતાં લોકપ્રમાણ પણ થાય છે, આવી તેની સંકોચ-વિસ્તાર થવાની લાયકાત છે. આત્મા સર્વથા લોકવ્યાપક નથી. આત્માનો વિચાર, આનંદ અને વેદન પોતાના સ્વપ્રદેશમાં જ થાય છે. દેહ પ્રમાણે પોતાનું ક્ષેત્ર છે. એક જીવને વીંછી કરડે ને દુઃખ વેદાય, ત્યાં બીજો જીવ તેના શરીરને અડે તો તેને કાંઈ તેવું દુઃખ વેદાતું નથી, કેમ કે બંને જીવ જુદા છે. આ જીવ પોતાના દેહપ્રમાણ છે. પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપના ભાનપૂર્વક ધર્મી જીવ આવી યથાર્થ વિચારણા કરે છે, આત્માના ભાન વિના આવા વિચાર કરે તો તે પણ ખરેખર ભાવના નથી, પણ શુભરાગ છે. તો પછી જે એવા ઊંધા વિચાર કરે છે કે "બધા થઈને એક આત્મા છે, આત્મા સર્વથા સર્વવ્યાપક છે"—એવા જીવો તો તીવ્ર મિથ્યાત્વને સેવે છે.

જીવના સ્વભાવથી વિરુદ્ધ માને તેને ધર્મ કોઈ રીતે થાય નહિ. માટે જીવનું યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી જ તેની ભાવના યથાર્થ હોય. જાણ્યા વગર ભાવના કોની?

લોકની બહાર ચારે બાજુ આકાશ છે, તેના તો અનંત અનંત પ્રદેશો છે, પણ આ લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. જેટલા લોકના પ્રદેશો છે. તેટલા જ એકેક

જીવના પ્રદેશો છે ને એવા અનંત જીવો જુદા જુદા છે. આત્માના પ્રદેશો સંખ્યાથી તો સદા લોકપ્રમાણ અસંખ્યાત જ છે, તેમાં વધારો કે ઘટાડો થતો નથી, પણ તેના આકારમાં સંકોચ-વિસ્તાર થવાની જીવની શક્તિ છે. દેહપ્રમાણ આકાર છે, અને કેવળજ્ઞાનીને સમુદ્દઘાત વખતે તેના પ્રદેશો બહાર ફેલાઈને લોકપ્રમાણ આકાર થાય છે, કેવળી ભગવાન સિવાય બીજા જીવોને પણ બીજા પ્રકારના સમુદ્દઘાત થાય છે. ત્યારે તેના પ્રદેશો પણ વિસ્તાર પામીને દેહની બહાર ફેલાય છે. માટે આત્મા સર્વથા દેહપ્રમાણ નથી, તેમ જ સર્વથા લોકપ્રમાણ પણ નથી. કર્મના કારણે આત્માનો આકાર નથી, પણ પોતામાં જ સંકોચ-વિસ્તારની લાયકાત છે.

હવે જીવને સર્વથા સર્વગત જ કોઈ અન્યમતી કહે છે તેનો નિષેધ કરે છેઃ—

सर्वगतः यदि जीवः सर्वत्र अपि दुःखसुखसम्प्राप्तिः ।
जायते न सा दृष्टिः निजतनुमानः ततः जीवः ॥१७७॥

અર્થઃ—જો જીવ સર્વગત જ હોય તો સર્વ ક્ષેત્ર સંબંધી સુખ-દુઃખની પ્રાપ્તિ તેને હોય પણ એમ તો જોવામાં આવતું નથી. પોતાના શરીરમાં જ સુખ-દુઃખની પ્રાપ્તિ જોઈએ છીએ તેથી પોતાના શરીરપ્રમાણ જ જીવ છે. ૧૭૭.

જો આત્મા સર્વથા સર્વગત જ હોય તો જગતના બધાં ક્ષેત્રનાં સુખ-દુઃખનો તેને અનુભવ થવો જોઈએ, પણ એમ થતું નથી. બીજાના શરીરને વીંછી કરડે તો અહીં પોતાને દુઃખ થતું નથી, પણ આ શરીરને વીંછી કરડતાં શરીરમાં મારાપણાને લીધે દુઃખ લાગે છે, માટે આત્મા સ્વદેહ પ્રમાણે જ છે, પરના દેહમાં આ આત્મા વ્યાપક નથી, દરેક જીવની પરથી પૃથક્તા છે. શરીરને વીંછી કરડ્યો તેના કારણે દુઃખ થયું— એમ ન સમજવું. દુઃખ તો પોતાના કારણે થાય છે, અને તે દુઃખનું ક્ષેત્ર પોતાના શરીરપ્રમાણે છે એટલે કે જીવનો આકાર દેહપ્રમાણ છે, દેહને વીંછી કરડતાં તે દેહમાં રહેલો જીવ મમતા કરે છે, તેથી તેને દુઃખ થાય છે, પણ બીજા જીવને તે દુઃખ થતું નથી. દરેક તત્ત્વ જુદું જુદું છે—એવું જેને ભાન નથી તેને તો સત્ય વસ્તુનું જ ભાન નથી. બધાયનું અંતિમ ધ્યેય તો એક છે—એમ મૂઢ જીવો કહે છે, પણ એ વાત જૂઠી છે. બધા થઈને એક જ આત્મા છે—એવી માન્યતા તો મહા દુઃખી થવાનો રસ્તો છે. પોતાના આત્માની સ્વતંત્રતાનું જેને ભાન નથી તે જીવને ધર્મ થતો નથી.

એ રીતે જીવને સ્વતંત્ર સિદ્ધ કરીને હવે 'જીવ જ્ઞાનસ્વભાવી છે' એ વાત કરે છે. પહેલાં જીવનું સ્વક્ષેત્ર સિદ્ધ કર્યું, હવે જીવનો સ્વભાવ સિદ્ધ કરે છેઃ—

जीवः ज्ञानस्वभावः यथा अग्निः उष्णः स्वभावेन ।
अर्थान्तरभूतेन हि ज्ञानेन न सः भवेत् ज्ञानी ॥१७८॥

અર્થ:—જેમ અગ્નિ, સ્વભાવથી જ ઉષ્ણ છે તેમ જીવ છે તે જ્ઞાનસ્વભાવ છે, તેથી અર્થાન્તરભૂત એટલે પોતાથી જુદા પ્રદેશરૂપ જ્ઞાનથી જ્ઞાની નથી. ૧૭૮.

જીવ પોતે જ જ્ઞાન છે; જ્ઞાન તેનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. શરીરાદિ કે રાગાદિ તે જીવનો સ્વભાવ નથી, પણ જ્ઞાન જીવનો સહજ સ્વભાવ છે, એટલે કોઈ પણ બહારના કારણે જ્ઞાન થાય એ વાત રહેતી નથી. અસંખ્યપ્રદેશી જ્ઞાનમૂર્તિ આત્મા છે તે પોતે જ જ્ઞાનસ્વભાવી છે; તેના સ્વભાવથી જ જ્ઞાન થાય છે. જ્ઞાનના પ્રદેશો જીવથી જુદા જુદા નથી, ભિન્ન વસ્તુભૂત જ્ઞાન વડે આત્મા જ્ઞાની થાય છે–એમ નથી, એટલે કે આત્માને અને જ્ઞાનને ભેદ નથી, બંને અભિન્ન એક પ્રદેશી છે, જ્ઞાન કાંઈક જુદી વસ્તુ છે—એમ નૈયાયિક માને છે, એટલે કે જ્ઞાન બહારથી આવે છે–એમ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તે જ પ્રમાણે જૈનમાં રહેલા પણ કોઈ એમ માને કે અમારું જ્ઞાન પુસ્તક–ગુરુ વગેરે નિમિત્તમાંથી આવે છે—તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે; તેણે જ્ઞાનસ્વભાવી આત્માને જાણ્યો નથી.

આત્મા પોતે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે, તેના જ્ઞાનસ્વભાવના આશ્રયે જ જ્ઞાનની પર્યાય ખીલે છે. જ્ઞાનસ્વભાવના સમય સમયના પરિણમનથી જ જ્ઞાન થાય છે, બહારથી તે જ્ઞાન આવતું નથી. સમ્યગ્જ્ઞાનની પોતાની લાયકાત વખતે સામે જ્ઞાની પુરુષ વગેરે નિમિત્ત હોય ભલે પણ તે નિમિત્તમાંથી પોતાનું જ્ઞાન આવ્યું નથી. પોતાનું જ્ઞાન તો પોતાના ત્રિકાળી સ્વભાવમાંથી જ આવ્યું છે. જ્ઞાનગુણનો જ ત્રિકાળ વિવિધ પર્યાયપણે થવાનો સ્વભાવ છે. પરને લીધે જ્ઞાન માને તે બધા જીવો નૈયાયિકમત જેવા મિથ્યાદૃષ્ટિ છે. ગુણ–ગુણીની એકતાની પ્રતીત કરે તો જ્ઞાન અંદર સ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ. વાણી વગેરેના અવલંબને જ્ઞાન થાય છે એમ જેણે માન્યું તેને તો ગુણ–ગુણીની એકતા માની નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન:—આ વાત માનતાં ભગવાનના દિવ્યધ્વનિનું બહુમાન ઊડી જાય છે?

ઉત્તર:—આ સમજશે તેને ભગવાનની દિવ્યધ્વનિનું યથાર્થ બહુમાન આવશે. ભગવાને દિવ્યધ્વનિમાં જ્ઞાનની સમય સમયની સ્વતંત્રતા જાહેર કરી છે. તેને બદલે જે અજ્ઞાની જીવ એમ માને છે કે મારું જ્ઞાન ભગવાનની વાણી વગેરે પરમાંથી આવે છે, તે અજ્ઞાની જીવે ભગવાનની વાણીનો વિરોધ કર્યો છે. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતા માની છે તે જીવને ભગવાનની વાણીનું યથાર્થ બહુમાન આવશે કે અહો! જેવો મારો સ્વાધીન જ્ઞાનસ્વભાવ છે તેવો જ ભગવાનનો દિવ્યધ્વનિ જાહેર કરે છે. આમ સ્વભાવના બહુમાન પૂર્વક નિમિત્તનો યથાર્થ વિવેક અને બહુમાન ધર્મીને આવ્યા વિના રહેશે નહિ.

નૈયાયિક આદિ છે તેઓ જીવનો અને જ્ઞાનનો પ્રદેશભેદ માની કહે છે કે "આત્માથી જ્ઞાન ભિન્ન છે અને તે સમવાય તથા સંસર્ગથી એક થયું છે તેથી તેને

જ્ઞાની કહીએ છીએ, જેમ ધનથી ધનવાન કહીએ છીએ તેમ." પણ આમ માનવું તે અસત્ય છે. આત્મા અને જ્ઞાનને અગ્નિ અને ઉષ્ણતામાં જેવો અભેદભાવ છે તેવો તાદાત્મ્યભાવ છે.

ધન અને ધનવાન તો સર્વથા જુદા છે, પણ જ્ઞાન અને જ્ઞાનવાનને જુદાઈ નથી. ધન તો પરચીજ છે, ખરેખર ધન જીવનું છે જ નહિ, ધન પ્રત્યે મમતા કરનારો જીવ તે મમતાભાવથી તે વખતે જેમ જુદો નથી, તેમ જ્ઞાન અને જ્ઞાનવાન કદી જુદા નથી; જ્ઞાન અને આત્મા પહેલાં જુદા જુદા હતા ને પછી ભેગાં થઈને આત્મા 'જ્ઞાની' થયો એમ નથી. આત્માને અને જ્ઞાનને ધન અને ધનવાન જેવો સંબંધ નથી, પણ અગ્નિ અને ઉષ્ણતા જેવું એકમેકપણું છે. જેમ અગ્નિ પોતે જ ઉષ્ણસ્વભાવી છે, અગ્નિની ઉષ્ણતા કોઈ લાકડાને લીધે કે ઘીને લીધે નથી, ઘીની અને લાકડાની પર્યાયનો અગ્નિમાં અભાવ છે. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે પોતે જ જ્ઞાન છે, કોઈ ઇન્દ્રિયો કે પુસ્તક વગેરે નિમિત્તોને લીધે તેના જ્ઞાનનું અસ્તિત્વ નથી.

સમ્યક્દૃષ્ટિ ધર્મી વિચારે છે કે અહો! મારો જ્ઞાનસ્વભાવ મારામાં મારાથી જ છે. બહારના ક્ષેત્રમાંથી મારું જ્ઞાન આવતું નથી, તેમ જ બહારના વિવિધ પદાર્થોને કારણે મારા જ્ઞાનની વિવિધતા થતી નથી. જ્ઞાનનો સ્વતંત્ર સ્વભાવ જ તેવી વિવિધતારૂપે પરિણમવાનો છે.

આત્મા એક તત્ત્વ છે. તત્ત્વ પોતાના સ્વભાવ વગરનું હોય નહિ. આત્મા જ્ઞાન-સ્વભાવવાળું તત્ત્વ છે, તેના જ્ઞાનની ઓછી દશામાંથી અધિકદશા થાય તે જ્ઞાનના પોતાના સ્વભાવથી જ છે. અગ્નિમાં ઉષ્ણતા ક્યાંથી આવી? ક્યાંય બહારથી નથી આવી, પણ અગ્નિ પોતે જ ઉષ્ણતાનો પિંડ છે, તેમ આત્માનું જ્ઞાન ક્યાંથી આવ્યું? બહારમાંથી નથી આવ્યું પણ આત્મા પોતે જ જ્ઞાનસ્વભાવનો પિંડ છે. અહો! આવા સ્વભાવની પ્રતીત કરે તો નિમિત્તના આશ્રયની બુદ્ધિ ઊડી જાય, રાગ થાય તેમાં એકત્વબુદ્ધિ ઊડી જાય. પર્યાય જેટલો છું એવી પર્યાયબુદ્ધિ પણ ઊડી જાય ને ત્રિકાળ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય ને તેની સન્મુખતાથી ધર્મ થાય.

પહેલાં આત્માના આકારની સ્વાધીનતા બતાવી, આત્માના પ્રદેશોમાં સંકોચવિસ્તારની તેવી તાકાત છે, તે કોઈ બીજાના કારણે નથી. સિદ્ધ ભગવંતોને જે આકાર છે તે પોતાના કારણે છે, તેમને હવે સંકોચ-વિસ્તારની લાયકાત રહી નથી-એમ ક્ષેત્રથી સ્વાધીનતા બતાવી, ને અહીં ભાવથી સ્વાધીનતા બતાવે છે. આત્માનો ત્રિકાળ જ્ઞાનસ્વભાવ પોતાથી જ છે, તેની સમય સમયની વર્તમાનદશા પણ પોતાથી જ છે.

ભલે તત્ત્વનો અભ્યાસ કરે, રાગ મંદ કરે, વ્રતાદિ કરે, પણ જો અંદરમાં સમય સમયની પર્યાયની સ્વાધીનતાનો વિશ્વાસ ન બેસે તો તે જીવને ત્રિકાળી સ્વાધીન તત્ત્વ

પ્રતીતમાં આવતું નથી, ને તેને કલ્યાણ થતું નથી. જેણે એક સમયની અવસ્થાને પરથી માની તેણે ત્રણે કાળની અવસ્થાને પરને લીધે માની, એટલે ત્રિકાળી તત્ત્વને જ પરાધીન માન્યું, તે મિથ્યાદ્રષ્ટિ છે, તેને ધર્મ થતો નથી. માટે કહ્યું કે જ્ઞાન અને આત્માને પ્રદેશભેદ નથી, આત્મા અને જ્ઞાન અભેદ છે, આત્મા પોતે જ જ્ઞાનસ્વભાવી છે, તેનું જ્ઞાન પરથી નથી. આમ સમજે તો જ્ઞાનની વર્તમાન દશા સ્વભાવમાં અંતર્મુખ થઈને ભેદજ્ઞાન અને વીતરાગતારૂપ ધર્મ પ્રગટે.

હવે ગુણ-ગુણીને સર્વથા જુદા માનવામાં દોષ છે તે બતાવે છે.

यदी जीवतः भिन्नसर्वप्रकारेण भवति तत् ज्ञानं ।
गुणगुणिभावः न तदा दूरेण प्रणश्यते तयोः ॥१७९॥

અર્થ:—જો જીવથી જ્ઞાન સર્વથા ભિન્ન જ માનીએ તો તે બંનેમાં ગુણગુણીભાવ દૂરથી જ નાશ પામે, અર્થાત્ આ જીવદ્રવ્ય (ગુણી) છે અને જ્ઞાન તેનો ગુણ છે એવો ભાવ ઠરશે નહિ. ૧૭૯.

જેણે પરને લીધે જ્ઞાન માન્યું તેણે જ્ઞાનને આત્માથી સર્વથા જુદું માન્યું છે; જ્ઞાનને પરથી માન્યું, તો તેની માન્યતામાં જ્ઞાનગુણ આત્માનો ન રહ્યો પણ પરનો થઈ ગયો, એટલે આત્મા તો જ્ઞાનગુણ વગરનો અચેતન જ થઈ ગયો!! આત્મા દ્રવ્ય છે, ને જ્ઞાન તેનો ગુણ છે—એમ ગુણગુણીભેદ છે—એ અપેક્ષાએ ભેદ છે, પણ પ્રદેશભેદ નથી. જ્ઞાનસ્વભાવી પરને તેમજ રાગને જાણનારો છે, પણ પરમાંથી કે રાગમાંથી તેનું જ્ઞાન આવતું નથી. ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ જ્ઞાન આવે છે.

જો જ્ઞાન અને આત્માને ક્ષેત્રથી ભેદ હોય તો 'જ્ઞાન તે આત્માનો ગુણ છે' એમ જ સિદ્ધ નહિ થાય! એટલે આત્મા જ્ઞાન વગરનો અચેતન થઈ જશે. માટે અંતરમાં જ્ઞાન અને આત્માની અભેદતાની પ્રતીત કરવી તેનું નામ ધર્મ છે. જુઓ, આ ધર્મની રીત! આ સિવાય બહારમાં દાનાદિ કરે પણ પોતે કોણ છે તે જાણે નહિ—તો તેને ધર્મ થાય નહિ. ભાઈ! તારો જ્ઞાનસ્વભાવ તારામાં છે, તેને તું બહારમાં ન શોધ! અંતર્મુખ જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેની સન્મુખ થઈને તેના આશીર્વાદ લે. એ સિવાય બહારમાં બીજા કોઈના આશીર્વાદથી કાંઈ કલ્યાણ થતું નથી. અરે ભગવાન! તારા સ્વભાવમાં તારું સુખ ને શાંતિ છે, તે સ્વભાવ સાથે એકતા કરીને તેમાં અંતર્મુખ થા તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટે ને કલ્યાણ થાય; આ રીતે જ્ઞાનને અને આત્માને અભેદ જાણીને તેમાં અંતર્મુખ દ્રષ્ટિ કરવી તેનું નામ ધર્મ છે. [ક્રમશઃ]

—૦—

# શુદ્ધદૃષ્ટિવંત પુરુષ શીઘ્ર મુક્તિ પામે છે

(શ્રી નિયમસાર શાસ્ત્ર, ગાથા-૧૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી)

અહીં કહે છે કે "શુદ્ધ પર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા" એટલે વિસ્તારથી પણ તેનું કથન થઈ શકે છે.

પહેલાં ઉપયોગના ભેદો વર્ણવ્યા, તેમાં જ્ઞાન-દર્શન ગુણની અપેક્ષાએ પર્યાયો લીધી હતી. અહીં જે કારણશુદ્ધપર્યાય કહી તે આખા દ્રવ્યની ભેગી પર્યાય છે, તેમાં જ્ઞાન-દર્શનના ત્રિકાળી એકરૂપ શુદ્ધપર્યાયો પણ સમાઈ જાય છે. ભિન્ન ભિન્ન ગુણની પર્યાયો જુદી ન પડતાં આખા દ્રવ્યની કારણશુદ્ધપર્યાય કહી છે અને પછી કાર્યશુદ્ધપર્યાયની વાત કરી.

હવે અર્થપર્યાયો કહે છે :—

"પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા (અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે.)

આ અર્થપર્યાયો કહ્યા તે ક્ષણક્ષણના ઉત્પાદ-વ્યયરૂપ છે. તેથી તેને સૂક્ષ્મ ઋજુસૂત્રનય લાગુ પાડ્યો છે. જે કારણશુદ્ધપર્યાય છે તેમાં ષટ્ગુણ-હાનિ-વૃદ્ધિ નથી, તે તો ધ્રુવ એકરૂપ ધારાએ છે. તેને નૈગમ, સંગ્રહ કે વ્યવહાર કોઈ નય લાગુ પડતા નથી, તે ત્રિકાળ સહજ શુદ્ધ નિશ્ચયનયે છે. આ અર્થપર્યાયો ષટ્ગુણહાનિવૃદ્ધિ સહિત છે, તે સમયે સમયે ઉત્પાદ-વ્યય પામે છે. તેનો સૂક્ષ્મ સ્વભાવ તો આગમગમ્ય છે. તે અર્થપર્યાયો સિદ્ધમાં પણ છે ને નિગોદમાં પણ છે, પરમાણુમાં પણ છે ને સ્કંધમાં પણ છે, બધા દ્રવ્યોમાં છે.

શુદ્ધપર્યાય સંક્ષેપથી કહ્યા. તેનો વિસ્તાર શું?—કે કારણશુદ્ધપર્યાય કહ્યા તેમાં બધા ગુણોની પર્યાય આવી ગઈ, ને તેનો વિસ્તાર કરીએ તો દરેકે દરેક ગુણમાં તે તે ગુણની કારણશુદ્ધપર્યાય ત્રિકાળ વર્તે છે. બીજા કાર્યશુદ્ધપર્યાયો છે, ત્રીજા અર્થપર્યાયો કહ્યા, અને એ સિવાય ક્ષણે ક્ષણે રાગ-દ્વેષ અજ્ઞાન વગેરે અશુદ્ધપર્યાયો થાય છે તે અહીં નથી લીધા. અહીં અશુદ્ધ પર્યાય તરીકે વિભાવ વ્યંજનપર્યાયો જ લેશે.

પ્રશ્નઃ—કારણશુદ્ધપર્યાય સાધકને શું ઉપયોગી?

ઉત્તરઃ—તે વર્તમાન કારણરૂપ છે ને વર્તમાન કાર્ય પ્રગટ કરવું છે તેથી તે

કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે. દ્રવ્યથી તે કારણશુદ્ધપર્યાય કાંઈ જુદી નથી, દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપૂરું વર્તમાનમાં વર્તી રહ્યું છે. અરે જીવ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણપણે પૂરું દ્રવ્ય છે, તારી નયનની આળસે તેં જોયું નથી. તે કારણનો સ્વીકાર કરીને આશ્રય કરતાં નિર્મળ કાર્ય પ્રગટી જાય છે.

દ્રવ્યની સ્વ-આકારે વર્તતી ત્રિકાળ પરિણતિને અહીં કારણશુદ્ધપર્યાય કહે છે તે જ ભૂતાર્થ છે; સંસાર, મોક્ષમાર્ગ ને મોક્ષ તે વ્યવહાર છે–અભૂતાર્થ છે; ત્રિકાળ છતો પદાર્થ તો દ્રવ્ય–ગુણ ને તેની કારણરૂપ ધ્રુવ પરિણતિ અભેદ–એવો આત્મા જ છે. તેના આશ્રયે મોક્ષમાર્ગ ને મોક્ષ થાય છે.

અહો! આ અલૌકિક અચિંત્ય પદાર્થ છે. દ્રવ્ય અને ગુણના સ્વ આકારે વર્તતી કારણશુદ્ધપર્યાય છે. આવા દ્રવ્ય–ગુણ ને કારણશુદ્ધપર્યાય થઈને આત્મા જ ભૂતાર્થ છે. તેને મુખ્ય કરીને તેનો આશ્રય કરાવવા માટે, સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાયોને ગૌણ કરીને વ્યવહાર કહ્યો, અભૂતાર્થ કહ્યો, ને ત્રિકાળમાં તેનો અભાવ કહ્યો.

"હવે વ્યંજનપર્યાયો કહેવામાં આવે છે."

"જેનાથી વ્યક્ત થાય–પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે? પટાદિની (વસ્ત્ર વગેરેની) માફક ચક્ષુગોચર હોવાથી (પ્રગટ થાય છે;) અથવા, સાદિ–સાંત મૂર્ત વિજાતીયવિભાવ સ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે)."

પહેલાં આત્માના આકારની વાત કરી છે ને પછી જડ દેહના આકારની વાત કરી છે.

વ્યંજનપર્યાયના ચાર પ્રકારો બતાવશે.

"પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે."

ત્રિકાળી આત્મા તે પર્યાયી છે, પર્યાયી એટલે દ્રવ્ય; તેના ભાન વિનાનો જીવ શરીરાદિને અને રાગાદિ પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી તે અજ્ઞાની પર્યાયસ્વભાવવાળો હોય છે. પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને તેનું નામ પર્યાયસ્વભાવી છે, તે શરીરાદિના સંયોગવાળી પર્યાયને પોતાનો સ્વભાવ માને છે તેથી તે ચાર ગતિમાં નવાં નવાં શરીર ધારણ કરીને રખડે છે. "એકેક સમયની ક્ષણિક અલ્પપર્યાય જેટલો છું, શરીરના આકારે થયેલી પર્યાય તે જ હું છું" એમ અજ્ઞાની માને છે, તેથી તેને જ ચાર ગતિમાં ભ્રમણ થાય છે. મનુષ્યપણું–દેવપણું–નરકપણું અને તિર્યંચપણું—તે પર્યાયો જ્ઞાનીને થતી જ નથી, કેમ કે તે વસ્તુસ્વભાવની દૃષ્ટિવાળો છે, અજ્ઞાની પર્યાયમૂઢ જીવ જ ચાર ગતિમાં મનુષ્યાદિ પર્યાયરૂપે થાય છે.

અજ્ઞાની પર્યાયમૂઢ છે, તેથી શુભ–અશુભ મિશ્ર પરિણામથી તે વ્યવહારે મનુષ્ય

થાય છે. નિશ્ચયથી તો જીવ છે તે જ છે. વ્યવહારદૃષ્ટિવાળો જ વ્યવહારે મનુષ્ય થાય છે, પણ તે તો તેને જ નિશ્ચય માની બેઠો છે કે “આ પર્યાય તે જ હું.” નિશ્ચયદૃષ્ટિવાળો જ્ઞાની મનુષ્ય વગેરેરૂપે થતો નથી. નિશ્ચયથી આત્મા તો ત્રિકાળ પોતાના ગુણ–પર્યાયોથી એકાકાર છે. મનુષ્ય આકાર વગેરે પર્યાયો તો ક્ષણિક છે. તે આત્માનો સ્વભાવ નથી, માટે કહ્યું કે અજ્ઞાની શુભાશુભ મિશ્ર પરિણામથી વ્યવહારે મનુષ્ય થાય છે. તેનો મનુષ્ય આકારે પર્યાય તે મનુષ્યપર્યાય છે. તે અશુદ્ધ વ્યંજન પર્યાય છે.

એ જ પ્રમાણે વ્યવહારદૃષ્ટિવાળો જીવ કેવળ અશુભ પરિણામથી વ્યવહારે નારક થાય છે, તેનો નરક આકાર પર્યાય તે નારક પર્યાય છે, નિશ્ચયથી તો આત્મા વિભાવવ્યંજન-પર્યાયરૂપે થતો જ નથી.

“ કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે. તેનો આકાર તે તિર્યંચ પર્યાય છે. ”

નિગોદથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના બધા જીવો તે તિર્યંચ છે. આત્માના પ્રદેશોની આકૃતિ તિર્યંચના શરીર પ્રમાણે થાય તે તિર્યંચપર્યાય છે, તે વિભાવ-વ્યંજનપર્યાય છે.

જેમ લોટાના આકાર પ્રમાણે તેમાં રહેલા પાણીનો આકાર થાય છે. તેમ દેહ પ્રમાણે આત્માનો આકાર થાય છે, ત્યાં અજ્ઞાની તે દેહને અને વિભાવપર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી તેને જ વિભાવવ્યંજનપર્યાય ગણ્યા છે.

“ કેવળ શુભ કર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે, તેનો આકાર તે દેવપર્યાય છે. ”

આ ચારે પ્રકારના વ્યંજનપર્યાય છે, તે અશુદ્ધપર્યાયો છે. આ પર્યાયોનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.

જે જે શરીર મળે તેવા આકારે જ અજ્ઞાની પોતાને માની લ્યે છે, ને ત્રિકાળ સ્વભાવને જાણતો નથી, તેથી તેના વિભાવપર્યાયોને જ અશુદ્ધપર્યાયમાં લીધા. રાગાદિની વાત અશુદ્ધ પર્યાયમાં અહીં લીધી નથી, પણ જે જીવ વિભાવપર્યાયને પોતાનું સ્વરૂપ માને તેને તે રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધપર્યાયો થાય, અને જે ત્રિકાળ સ્વભાવને જાણે તેને સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો થાય—એમ બંને વાત તેમાં ગર્ભિત સમાડી દીધી છે.

હવે ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—

[ શ્લોકાર્થ :— ] બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ, ‘સમયસારથી અન્ય કાંઈ નથી’ એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ૨૭.

૨૪માં શ્લોકમાં એમ કહ્યું હતું કે : પરભાવ હોવા છતાં........જે શુદ્ધ આત્માને એકને ભજે છે એવો તીક્ષ્ણદૃષ્ટિવાળો શુદ્ધપુરુષ મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે.

૨૫ માં શ્લોકમાં પણ એમ કહ્યું છે કે : હે ભવ્ય શાર્દૂલ! પરગુણપર્યાયો હોવા છતાં........પરબ્રહ્મરૂપ........સમયસારને તું ભજ!

૨૬માં શ્લોકમાં એમ કહ્યું કે : "જીવતત્ત્વ ક્વચિત્....સહજ પર્યાયોસહિત અને ક્વચિત્ અશુદ્ધપર્યાયોસહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ એ બધાથી રહિત એવા જીવતત્ત્વને હું સકલ અર્થની સિદ્ધિ માટે ભાવું છું.

અને અહીં ૨૭માં શ્લોકમાં પણ એમ કહે છે કે : અહો! પર્યાયમાં બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ સ્વાભાવિક પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે તે શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ શીઘ્ર મુક્તિ પામે છે.

"પરમતત્ત્વનો અભ્યાસ" કહીને ચારિત્ર બતાવ્યું;
"પ્રવીણ બુદ્ધિ" કહીને સમ્યગ્જ્ઞાન બતાવ્યું,
ને "શુદ્ધદૃષ્ટિ" કહીને સમ્યગ્દર્શન બતાવ્યું.

એવો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવાળો પુરુષ શીઘ્ર મુક્તિ પામે છે. પ્રવીણ કોણ? કે જેની બુદ્ધિ પોતાના સહજ પરમ તત્ત્વમાં લાગેલી છે. શુદ્ધદૃષ્ટિવાળો તે પુરુષ એમ માને છે કે "આ સમયસારથી બીજું કાંઈ નથી" કેમ કે મારામાં તે બધાનો અભાવ છે. ક્ષણિક વિભાવોનો પણ મારામાં અભાવ છે. હું તો શુદ્ધ કારણપરમાત્મા સમયસાર છું.

અહો! 'જિન' અને 'જીવ' એકાકાર છે; બધા આત્માઓ સિદ્ધની વેલડીના કંદ છે, એકેક આત્મા અમૃતની વેલડીનાં ફળ છે. અજ્ઞાની ભલે પોતાને પર્યાય જેટલો જ માને પણ જ્ઞાની તો કહે છે કે તે વ્યવહારથી જ મનુષ્ય વગેરે પર્યાયરૂપે થયો છે, નિશ્ચયથી તો તે સિદ્ધ જેવો જ છે.

જે જીવ વિભાવની દૃષ્ટિ છોડીને પોતાના શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન કરીને તેની ભાવનામાં એકાગ્ર થાય છે, તે જીવ શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે,

જગતમાં સુંદરમાં સુંદર હોય તો તે આત્માની આનંદમય મુક્તદશા જ છે. તેથી તે દશા પ્રગટ્યા પછી કદી જુદી પડે નહિ.

આ રીતે પંદરમી ગાથા પૂરી થઈ. આ ગાથા ઘણી અલૌકિક હતી, ને હવે તો પ્રસિદ્ધ થઈ ગઈ છે. એ રીતે ત્રિકાળી દ્રવ્ય, ગુણ અને કારણશુદ્ધપર્યાયનું વર્ણન કર્યું, એવા જીવને જે માને તે મુક્તિ પામે છે, ને તેને ન જાણતાં રાગાદિ પર્યાયોને જ જે પોતાનું સ્વરૂપ માને તે જીવ ચાર ગતિમાં રખડે છે, તેની વાત હવે કરે છે:—

છે કર્મભૂમિજ ભોગભૂમિજ–ભેદ બે મનુજો તણા,
ને પૃથ્વી ભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.
તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના,
આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.

અર્થ:—મનુષ્યોના બે ભેદ છે : કર્મ ભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા. પૃથ્વીના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા; તિર્યંચોના ચૌદ ભેદો કહ્યા છે.–દેવ સમૂહોના ચાર ભેદ છે. આમનો વિસ્તાર લોકવિભાગમાંથી જાણી લેવો. ૧૬–૧૭.

ટીકા:—આ ચાર ગતિના સ્વરૂપ નિરૂપણરૂપ કથન છે.

મનુનાં સંતાન તે મનુષ્યો છે. (ભોગભૂમિના અંતમાં અને કર્મભૂમિના આદિમાં થતા કુલકરો મનુષ્યોને આજીવિકાનાં સાધન શીખવીને લલિત–પાલિત કરે છે તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.) તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનાર તે આર્ય છે અને પાપક્ષેત્રમાં રહેનારા મ્લેચ્છ છે. ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે. જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે અને એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે.

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે. પહેલી નરકના નારકો એક સાગરોપમના આયુષ્યવાળા છે. બીજી નરકના નારકો ત્રણ સાગરોપમના આયુષ્યવાળા છે, ત્રીજી નરકના નારકો સાત સાગરોપમના આયુષ્યવાળા છે, ચોથી નરકના નારકો દસ સાગરોપમ, પાંચમી નરકના સત્તર સાગરોપમ, છઠ્ઠી નરકના બાવીશ સાગરોપમ અને સાતમી નરકના નારકો તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા છે.

હવે વિસ્તારના ભયને લીધે સંક્ષેપથી કહેતાં, તિર્યંચોના ચૌદ ભેદ છે : (૧–૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩–૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫–૬) દ્વીન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭–૮) ત્રીન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૯–૧૦) ચતુરિન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૧–૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૩–૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.

દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.

આત્માના ભાન વિના જીવે આવી ચારે ગતિના ભવો અનંતવાર કર્યા છે. સહજ

ચૈતન્ય પરમતત્ત્વ છે, તેના અભ્યાસ વિના જીવે અનાદિથી નરકાદિ ગતિનાં ભયંકર દુઃખો અનંતવાર ભોગવ્યા છે. જેને આવી ચાર ગતિના ભવો ધારણ ન કરવા હોય તેણે પોતાના સહજ પરમ ચૈતન્યતત્ત્વને ઓળખીને તેનો અભ્યાસ કરવો.

આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા. અહીં (આ પરમાગમમાં) આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય તેથી સૂત્રકર્તા પૂર્વાચાર્ય મહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.

આ અધ્યાત્મ ગ્રંથ છે, તેથી વચ્ચે વ્યવહારના ભંગભેદનો વિસ્તાર વર્ણવ્યો નથી. સહજશુદ્ધ આત્મતત્ત્વનું વર્ણન કરવામાં અંતરાય ન પડે, તે માટે અહીં ભેદોનું વિશેષ વર્ણન નથી કર્યું, એટલે કે તમે પરમાર્થ તત્ત્વને સમજો—એમ અધ્યાત્મદૃષ્ટિનું જોર બતાવ્યું છે.

—૦—

(ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

* મુંબઈનિવાસી શ્રી શીવકુંવરબેન મોહનલાલ કાળીદાસ જસાણી (વર્ષ–૯૩) તા. ૧૨–૮–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના "પરિવર્તન" પહેલાંથી જ જસાણી–પરિવાર પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં હતો અને પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢ પધાર્યા ત્યારથી શ્રી નાનાલાલભાઈ, શ્રી બેચરલાલભાઈ તથા શ્રી મોહનભાઈ જસાણી, પરિવારે સોનગઢ સ્થાયી થઈને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. શીવકુંવરબેન થોડા સમય પહેલાં બે માસ સોનગઢ રહી જઈને પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ બહેનશ્રીની ભવતાપહારિણી અમૃત–વાણીનો લાભ પામીને અત્યંત પ્રમોદિત થયા હતા. તેઓ ભદ્ર-પરિણામી તેમ જ બહુ ભક્તિવાળા હતા.

* મુંબઈનિવાસી રાજશ્રી પ્રોડકશનવાળા શ્રી તારાચંદજી બડજાત્યાના બહેન શ્રી તારાદેવી નેમિચંદજી કાસલીવાલ તા. ૧૩–૭–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નંદરબારવાળા શ્રી કપૂરચંદભાઈ વિગેરેના ભાભી શ્રી ચંદ્રાવતીબેન કાંતીલાલ સુખલાલ કોઠારી કલકત્તા (વર્ષ–૫૮) તા. ૨૭–૭–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાબરમતિનિવાસી શ્રી મનહરલાલ મગનલાલ વોરા (વર્ષ–૬૬) તા. ૧૫–૮–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધોરાજીનિવાસી શ્રી તુલસીદાસ વલભદાસ ગાંધી તા. ૧૯–૮–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણે શીઘ્ર આત્મ-અનુભવ પામો એ જ ભાવના.

—૦—

## સુવર્ણપુરી સમાચાર :—

### * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૩મી જન્મજયન્તીના ઉપલક્ષમાં તા. ૨-૮-૮૬ થી તા. ૨૧-૮-૮૬ —૨૦ દિવસ માટે રાખવામાં આવેલા પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ—એ વર્ગ રાખવામાં આવ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસારના સવારના ટેપ-પ્રવચન બાદ ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર-જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન ઉપર તેમ જ બપોરના શ્રી કળશટીકા ઉપરના શાસ્ત્રવાંચન અને જિનેન્દ્ર-ભક્તિ પછી શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળાના ઉપાદાન-નિમિત્ત અધિકાર તથા નિમિત્ત-નૈમિત્તિક અધિકાર ( પ્રકરણ છઠ્ઠું ) ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. મધ્યમવર્ગમાં સવારે છહઢાળા તથા બપોરે શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઉત્તમવર્ગ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયાએ તથા મધ્યમવર્ગ બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે ચલાવ્યો હતો. શિક્ષણાર્થીઓને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતા અલૌકિક અદ્‌ભુત અનુપમ ટેપ-પ્રવચનોનો ઉત્તમ લાભ મળવા ઉપરાંત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પવિત્ર દર્શન તેમ જ લગભગ રોજ બપોરે અડધો કલાક તેઓશ્રીની સ્વાનુભવરસસ્યન્દી અમૃતવાણીનો અનુપમ લાભ મળતો હતો, જેથી શિક્ષણાર્થીઓ પોતાને મહાન સૌભાગ્યશાળી અનુભવતા હતા. આ શિક્ષણવર્ગમાં હિન્દીભાષી શિક્ષણાર્થીઓની સંખ્યા ધારણા કરતા વિશેષ થવા પામી હતી.

સૌરાષ્ટ્ર, મુંબઈ તેમ જ અન્ય હિન્દીભાષી પ્રાંતમાંથી—શિવપુરી, કરેરા, દેહરાદૂન સાગર, દમોહ, નાગપુર, બૈરાગઢ, ઇન્દૌર, વિદિશા, ખડેરી, મલકાપુર, ખુરઈ, ગાડરવારા, ખંડવા, કલકત્તા, સાબલી, લશ્કર ( ગ્વાલિયર ), ભોપાલ, આરોન, અંકલેશ્વર, ઉદયપુર, મહીદપુર, અભાના, તરવર, અલવર, ઝુમરીતલૈયા, હિમ્મતનગર, બોધાખેડા, ઉમેગાંવ, છિંદવાડા, સોનગિર, પૂના, ધામણ, ઝરિયા, કોટા, આગરા, રાનગઢ, સરપોર-પારડી મંદસૌર, મદ્રાસ, ગુના, રતલામ, બેંગલોર આદિ અનેક સ્થળેથી આવીને શિક્ષણાર્થીઓએ આ પ્રૌઢ શિક્ષણવર્ગનો લાભ લીધો હતો; લાભ લેનાર શિક્ષણાર્થીઓ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિવંત અને તત્ત્વરુચિવંત હતા.

### * બહેનશ્રી ચંપાબહેનની ૭૩ મી જન્મજયંતી *

અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૩ મી જન્મજયંતીનો ભવ્ય મહોત્સવ અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. જન્મજયંતી-મહોત્સવનો શુભારંભ તા. ૧૭-૮-૮૬થી 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડળવિધાન પૂજા' દ્વારા થયો હતો. પૂજા તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવરસગર્ભિત

ઊંડા ભાવોયુક્ત ટેપ-પ્રવચનમાં શ્રી પરમાગમમંદિર મુમુક્ષુઓથી ખીચોખીચ ભરાઈ જ
હતું. બપોરે ૧ વાગે થતી પ્રશમરસપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સ્વાનુભવરસસ
આધ્યાત્મિક તત્ત્વચર્ચા આ મંગલ મહોત્સવમાં સૌથી વિશેષ પ્રમુદિત કરનારો કાર્યક
હતો કે જેનો લાભ તે જ વખતે મનફુલા સ્વાધ્યાયભવનમાં વિડિયો દ્વારા મુમુક્ષુ સમાજ
મળતો હતો.

જન્મજયંતી-મહોત્સવના દિવસોમાં સર્વશ્રી ચીમનભાઈ મોદી, ડૉ. પ્રવિણભા
દોશી, શ્રી પ્રાણભાઈ કામદાર, શ્રી શશીભાઈ શેઠ વિગેરેએ શ્રી સમયસાર, શ્રી બહેનશ્રીન
વચનામૃત આદિ ઉપર પ્રવચન આપ્યા હતા. વાંચનકારોની પ્રવચનશૈલી ગંભીર, ભાવવાહ
તાત્ત્વિક, રોચક અને અનન્ય ઉપકારી સત્પુરુષ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્ર
ભક્તિરસભીની હતી, પરમ પૂજ્ય ગુરુદેવ, શ્રીમદ્રાજચંદ્ર, 'બહેનશ્રીનાં વચનામૃત
આદિના વચનામૃતનો આધાર આપીને પ્રત્યક્ષ પરમોપકારી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ ત
જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા પોતાની ઉપકૃતભાવભીની ઊર્મિઓ
વાંચનકારોએ શાસ્ત્રપ્રવચનમાં વ્યક્ત કરી હતી.

રોજ સવારે કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન બાદ આદરણીય વિદ્વત્-રત્ન પંડિ
શ્રી હિંમતભાઈ જે. શાહે પોતાની શાંત, મધુર, વૈરાગ્ય તેમ જ ભક્તિરસસ્યંદી શૈલીથ
પ્રસંગોચિત 'તેજ'માતાની રાજદુલારીના જન્મોત્સવની ભક્તિ કરાવતા હતા, જેનો લા
મંત્રમુગ્ધ થઈને મુમુક્ષુસમાજ લેતો હતો.

સાંજે ૭॥ થી ૮॥ પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત
ઉપર ટેપ-પ્રવચન રાખવામાં આવતું હતું. ત્યારબાદ શ્રી નંદીશ્વરજિનાલય-પંચકલ્યાણ
પ્રતિષ્ઠાની તેમ જ 'કહાન એક્સપ્રેસ'ની વિડિઓ ટેપ દેખાડવામાં આવતી હતી.

આ મહોત્સવ દરમિયાન, મુનિસંઘરક્ષાપર્વ—રક્ષાબંધનનો મંગલ પર્વ મુનિપૂ
તેમ જ ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવાયો હતો. દૈનિક કાર્યક્રમ ઉપરાંત રા
ઇન્દૌરની બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શ્રાવણ વદ ૧ તા. ૨૦–૮–૮૬ના રોજ સવારના ટેપ-પ્રવચન બાદ શ્રી કુંદકુંદ
યુવક પરિવાર, રાજકોટ દ્વારા આધ્યાત્મિક તત્ત્વચર્ચાની પરીક્ષાનું આયોજન કરવામ
આવ્યું હતું, જેનો ઘણા મુમુક્ષુઓએ રસપૂર્વક લાભ લીધો હતો. બપોરના શાસ્ત્રપ્રવચ
પછી શ્રી જિનેન્દ્રભગવાન તેમ જ ભગવતી જિનવાણીમાતાની અતિ ભવ્ય રથયાત્ર
કાઢવામાં આવી હતી. રજતનિર્મિત ગંધકૂટી પર બિરાજમાન શ્રી જિનેન્દ્રભગવાનન
સમવસરણવિહાર (હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિયુક્ત), ધર્મધ્વજ અને ભગવત્કુંદકુંદ
ચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના ભવ્ય ચિત્રપટ તથા શ્રી સમયસારાદ

પરમાગમ, જિનવાણીયુક્ત બગીઓ, વઢવાણ અને ઘાટકોપરની ભજનમંડળી વિગેરે વિવિધતાપૂર્ણ ભવ્ય રથયાત્રા નીકળી હતી. કુંદકુંદભગવાનની વિદેહયાત્રા, સીમંધરભગવાનનાં સમવસરણમાં કુંદકુંદાચાર્યની સાક્ષીમાં ફતેહકુમાર અને દેવકુમારની ઉપસ્થિતિને દર્શાવતું અદ્ભુત દૃશ્ય આ રથયાત્રાનું મુખ્ય આકર્ષણ હતું. ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કાર્યવાહી-કમેટીના સભ્યો, ટ્રસ્ટના મેનેજર તેમ જ સર્વે હિન્દી-ગુજરાતી મુમુક્ષુઓના હૃદય રથયાત્રામાં ભક્તિરસથી તરબોળ બન્યા હતા. રાત્રે શ્રી કુંદકુંદકહાન યુવક પરિવાર, રાજકોટ દ્વારા આધ્યાત્મિક તત્ત્વચર્ચા સંવાદરૂપે રજુ કરવામાં આવી હતી.

## * શ્રાવણ વદ બીજ—પૂજ્ય બહેનશ્રીની ૭૩ મી જન્મજયંતી *

આ મંગલ દિવસે પ્રાતઃ ૫ વાગે જિનમંદિર આનંદસૂચક ઘંટારવથી ગૂંજી ઊઠયું હતું. શ્રી ચોંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા વિધિપૂર્વક પૂર્ણાહુતિ પછી શ્રી પરમાગમમંદિરના પ્રાંગણમાં બનાવેલ વિશાળ, મનોહર, સુશોભિત મંડપમાં આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપરનું વિડિયો ટેપ-પ્રવચન રાખવામાં આવ્યું હતું જે અતિ ભવ્ય અને આહ્લાદજનક હતું. ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના મુખારવિંદથી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત, આધ્યાત્મિક પવિત્રતા તેમ જ લોકોત્તર જાતિસ્મરણ-જ્ઞાનની ગંભીર વાત સાંભળીને શ્રોતાસમૂહ આનંદવિભોર થઈ ગયો હતો. વાતાવરણ એવું મનોહર હતું કે જાણે કલ્યાણકારી કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની સાક્ષાત્ ઉપસ્થિતિ હોય અને ઉપસ્થિત મુમુક્ષુસમાજને સંબોધી રહ્યા હોય કે 'બહેનશ્રીને માટે તો લોકો જેટલું બહુમાન કરે તેટલું ઓછું જ છે'—એવું લાગતું હતું.

વિડિયો-પ્રવચન બાદ અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી પ્રમુખશ્રી પ્રેમચંદજી જૈન આગરાએ અને જ્ઞાનચંદજી જૈન દિલ્હીએ તેમ જ સમસ્ત મુમુક્ષુઓ વતી શ્રી હિંમતભાઈ ડગલીએ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને ભાવાંજલિ અર્પણ કરી હતી.

ત્યારબાદ પ્રશમરત્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન મંડપમાં પધાર્યા અને જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટના ભક્તિભાવથી દર્શન કર્યાં ત્યારે જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ ઉપસ્થિત થયા હોય એવું દૃશ્ય લાગતું હતું. અખિલ ભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી ગુણસ્તુતિપૂર્ણ તેમ જ સુવર્ણ-આવેષ્ટિત "મંગલકારી 'તેજ' દુલડી"નું ભવ્ય અભિનંદનપત્ર પૂજ્ય બહેનશ્રીને સમર્પણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય બહેનશ્રીએ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અનુપમ ઉપકારોનું પવિત્ર સ્મરણ કરીને તેઓશ્રીની અપાર મહિમા તેમ જ અધ્યાત્મરસપૂર્ણ તાત્ત્વિક સંબોધન કર્યું હતું.

ત્યારબાદ પૂજ્ય બહેનશ્રી પ્રતિ 'ભવાર્ણવથી રક્ષાની પ્રાર્થનાના પ્રતીકરૂપ' ચાંદીની રાખડીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેનો અમૂલ્ય લાભ ૨૦૦ પરિવારે લીધો

હતો. તે જ વખતે સાથેસાથ જન્મવધાઈનો ઉપલક્ષમાં દર્શનનો કાર્યક્રમ પણ રાખવામ
આવ્યો હતો. વાતાવરણ એટલું ભક્તિરસમય બની ગયું હતું કે આબાળ-વૃદ્ધ સૌના
તન-મન આનંદથી નાચી રહ્યા હતા.

બપોરે શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજન, ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ત્યારબાદ રાત્રે ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં બાલિકાઓ અને બ્રહ્મચારી બહેનો તથા હિન્દીભાષી બહેનો આદિ દ્વારા બહેનો સમક્ષ પ્રસંગોચિત નાટિકા અને ભક્તિ આદિ વિશિષ્ટ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

—એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી સાતિશય આનંદોલ્લાસપૂર્વક પ્રતિવર્ષ ઉજવાતો આ મંગલ મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલપ્રભાવના ઉદયના ગુંજારવને વિશેષ આંદોલિત કરતો થકો, સાનંદ સંપન્ન થયો હતો.

* ઘાટકોપર તથા વઢવાણની દિ. જૈન ભજનમંડળીએ ભક્તિકાર્યક્રમ દ્વારા ઉત્સવની શોભા વધારવામાં સુન્દર સહયોગ આપ્યો હતો. ભારતવર્ષીય 'શ્રી કુન્દકહાન-યુવકપરિવાર'ના સભ્યોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને મંડપના સુશોભન તેમ જ ભોજન વ્યવસ્થા આદિ અનેકવિધ કાર્યમાં પોતાનો કીમતી સહયોગ આપ્યો હતો.

* ઉત્સવમાં શ્રાવણ સુદ પુનમના દિવસે સ્થાનીક મુમુક્ષુમંડળ સહિત સમાગત મહેમાનોનું જમણ અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃન્દ તથા શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી (જમશેદપુર) તરફથી તથા જન્મજયંતીના દિવસે અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તથા શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા (સુરત) તરફથી રાખવામાં આવ્યું હતું.

* ઉત્સવના પાંચ દિવસ સુધી પુસ્તક વેચાણમાં ૨૫% ડિસ્કાઉન્ટ શ્રીમતી વિજ્યાબેન ચીમનલાલ સંઘવી, શ્રીમતી દમયંતીબેન રસીકલાલ સંઘવી તથા શ્રીમતી ઈન્દીરાબેન ચંપકલાલ સંઘવી, ૧૫% મેઘાણી પરિવાર મલાડ તથા ૫% ભોગીલાલ મનસુખલાલ ઘાટકોપર તરફથી–એ રીતે કુલ ૪૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું. હતું.

* જન્મજયંતી–મહોત્સવના દિવસોમાં એક મુમુક્ષુ તરફથી પ્રવચન-કેસેટમાં રૂા. ૩–૦૦ ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હોવાથી ૧૫૭૨ પ્રવચનોનો પ્રચાર કરવાનો તેમને લાભ મળ્યો હતો.

* આ મંગલ-મહોત્સવમાં 'શ્રી ચોંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' કાયમી (૧) કાંતાબેન અનોપચંદ ખારા (રાંચી) (૨) કેટલાંક બ્રહ્મચારી બહેનો સોનગઢ તરફથી તથા—

(૧) અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ,

(૨) પ્રભાબેન અમૃતલાલ મહેતા પરિવાર,

(૩) ધનલક્ષ્મીબેન મનસુખલાલ દેસાઈ, સોનગઢ

(૪) શ્રી કળાવતીબેન મૂળવંતભાઈ જોબાળિયા, મુંબઈ

(૫) શ્રી જ્યોતિબેન મહાસુખભાઈ દોશી, ઘાટકોપર

(૬) શ્રી શારદાબેન રમણીકલાલ શાહ વઢવાણ તરફથી રાખવામાં આવી હતી.

* જન્મોત્સવના મંગળ દિવસોમાં પૂજ્ય બહેનશ્રીના ઘરે હારરૂપ તથા ચરણોમાં આવેલ દાનરાશિ રૂા. ૩૮,૬૬૮ નંદીશ્વરજિનાલય ખાતે જાહેર કરવામાં આવી હતી.

* એ ઉપરાંત આ જન્મજયંતી મહોત્સવના સુઅવસર પર લગભગ રૂા. ૨,૯૭,૩૬૬ રકમના વિવિધ ખાતામાં આવ્યા હતા. રૂા. ૮૧૭૬૦ ૭૩મી જન્મજયંતીના ઉપલક્ષમાં ૭૩ની સંખ્યામાં; રૂા. ૨૫૧૬૭ જિનેન્દ્રરથયાત્રામાં; રૂા. ૭૨૨૭ જિનેન્દ્ર–આરતીમાં; રૂા. ૯૭૧૯૪ જન્મજયંતીના દિવસે મંડપમાં ચાંદીની રાખડીના ઉપલક્ષમાં; રૂા. ૧૨૫૧૭ જન્મજયંતી–અભિવાદનના અવસર પર; પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં રૂા. ૪૦૦૧; બીજા અન્ય ખાતામાં.

સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાઈશ્રી હસમુખભાઈ પોપટલાલ વોરાના માતુશ્રી રંભાબેન પોપટલાલ વોરા તરફથી, પૂજ્ય બહેનશ્રી તેમના નિવાસસ્થાન પર શ્રાવણ સુદ પુનમના દિવસે પધારતાં સોનાની રાખડી તથા હીરાથી વધાવવાની ખુશાલીમાં રૂા. ૩૬૦૦૧ જાહેર કરવામાં આવ્યા હતા.

* શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી મુંબઈવાળા તરફથી આત્મધર્મનું વાર્ષિક લવાજમ રૂા. ૯ને બદલે રૂા. ૨–૦૦ રાખવામાં આવ્યું હતું. જેથી આત્મધર્મના ૫૩૯ નવા ગ્રાહક બન્યા હતા.

* આ વર્ષે પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગમાં તથા પૂજ્ય બહેનશ્રીની ૭૩ મી જન્મજયંતીમાં હિન્દીભાષી મુમુક્ષુવૃન્દે અધિક સંખ્યામાં ઉપસ્થિત રહીને સારો લાભ લીધો હતો. પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ધિની છાયામાં વર્તમાન સુવર્ણપુરીનો પૂર્વવત્ દરેક ધાર્મિક કાર્યક્રમ જોઈને તથા પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે હૃદયથી સમર્પિત શ્રદ્ધાવાળા હિન્દીભાષી મુમુક્ષુ પ્રત્યે નિશ્ચળ તથા સુવર્ણપુરીના સૌહાર્દપૂર્ણ ધર્મવાત્સલ્ય જોઈને સમાગત હિન્દીભાષી મુમુક્ષુ આનંદાશ્રુ સાથે આશ્ચર્યચકિત થયા હતા.

* અંબાલાલ કેશવલાલ શાહ તરફથી પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ખુશાલીમાં રૂા. ૫૦૦૧ જાહેર થયા હતા.

* દશલક્ષણ પર્યુષણપર્વ ( તા. ૮–૯–૮૬ થી તા. ૧૯–૯–૮૬ ) પૂજ્ય ગુરુદેવશ્રીના

જ્ઞાનવૈરાગ્યપર્વ (દશલક્ષણધર્મ પર) ટેપ-પ્રવચનો, શાસ્ત્રવાંચન તથા 'દશલક્ષણધર્મમંડળ વિધાનપૂજા' અને ભક્તિ તથા પ્રતિક્રમણ આદિ સમારોહપૂર્વક અતિ આનન્દોલ્લાસ સાથે ઉજવાય રહ્યાં છે. દશલક્ષણમંડલવિધાન પૂજા (૧) શ્રી નિર્મળાબેન પ્રવિણભાઈ દોશી, બેંગલોર તથા (૨) સ્વ. બ્ર. ચંદ્રાબેન છોટાલાલ શાહ (ધ્રાંગધ્રા) સોનગઢ તરફથી રાખવામાં આવી છે.

* શ્રી ઉત્તમ ક્ષમાવણી-પર્વ ભાદરવા વદ-૧ તા. ૧૯-૯-૮૬ના દિવસે ક્ષમાવણી પૂજાના સમારોહપૂર્વક હર્ષોલ્લાસ સાથે ઉજવાશે.

* દશલક્ષણપર્યુષણપર્વ નિમિત્તે ગુજરાતી તથા હિન્દી આત્મધર્મના લવાજમમાં—

(૧) વિજયાબેન ચીમનલાલ સંઘવી
(૨) દમયંતીબેન રસીકલાલ સંઘવી
(૩) ઇન્દીરાબેન ચંપકલાલ સંઘવી
(૪) સરલાબેન સુરેશભાઈ સંઘવી

—તરફથી રૂા. ૪-૦૦ નું ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું છે.

**પ્રવચનરત્નાકર ભાગ ૧૦ :**—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૧૮ મી વખતના શ્રી સમયસાર ઉપરના પ્રવચનોનો 'પ્રવચનરત્નાકર ભાગ-૧૦' પ્રકાશિત થઈ ગયો છે. પ્રવચનરત્નાકર ભાગ-૧૦ તેમ જ ભાગ ૧ થી ૯ માટે નીચેના સરનામે પત્ર-વ્યવહાર કરવો:—

૧. શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

૨. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪ ૨૫૦

—૦—

[ ધર્મના દસ લક્ષણ.... પેઈજ નં. ૩૧ થી ચાલુ ]

**ઉત્તમ આકિંચનધર્મ :** જે મુનિ, મનવચનકાય-કૃતકારિતઅનુમોદના પૂર્વક સર્વ ચેતન-અચેતનપરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે, કેવો થતો થકો? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે.

**ઉત્તમ બ્રહ્મચર્યધર્મ :** જે મુનિ, સ્ત્રીઓની સંગતિ ન કરે, તેના રૂપને ન નિરખે, કામની કથા તથા 'આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ-બ્રહ્મચર્યધર્મ હોય છે.

—૦—

# 卐 ધર્મના દશ લક્ષણ 卐

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ]

**ઉત્તમ ક્ષમાધર્મ :** જે મુનિ, દેવ–મનુષ્ય–તિર્યંચાદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મળ ક્ષમા હોય છે.

**ઉત્તમ માર્દવધર્મ :** જે મુનિ, ઉત્તમ જ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તોપણ જે પોતાના આત્માને મદરહિત કરે–અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમમાર્દવ ધર્મરત્ન હોય છે.

**ઉત્તમ આર્જવધર્મ :** જે મુનિ, મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ–છુપાવે નહિ તે મુનિને ઉત્તમઆર્જવધર્મ હોય છે.

**ઉત્તમ શૌચધર્મ :** જે મુનિ, સમભાવ અર્થાત્ રાગ-દ્વેષરહિત પરિણામ અને સંતોષ અર્થાત્ સંતુષ્ટભાવરૂપ જળથી તૃષ્ણા તથા લોભરૂપ મળસમૂહને ધોવે છે, ભોજનની ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે તે મુનિનું ચિત્ત નિર્મળ છે અને તેને ઉત્તમશૌચધર્મ હોય છે.

**ઉત્તમ સત્યધર્મ :** જે મુનિ, જિનસૂત્ર ( અનુકૂળ ) વચનને જ કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યા છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે, વ્યવહારથી પણ અલીક એટલે અસત્ય ન કહે તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમસત્યધર્મ હોય છે.

**ઉત્તમ સંયમધર્મ :** જે મુનિ, ગમનાગમનાદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદ માત્ર પણ ન ઇચ્છે–ન કરે. કેવા છે તે મુનિ? જીવોની રક્ષામાં તત્પર છે એવા મુનિને ( ઉત્તમ ) સંયમભાવ હોય છે.

**ઉત્તમ તપધર્મ :** જે મુનિ, આલોક–પરલોકના સુખની અપેક્ષારહિત બની તથા સુખ–દુઃખ, શત્રુ–મિત્ર, તૃણ–કંચન, અને નિંદા–પ્રસંશાદિમાં રાગદ્વેષરહિત સમભાવી થઈ અનેક પ્રકારથી કાયક્લેશ કરે છે તે મુનિને ઉત્તમતપધર્મ હોય છે.

**ઉત્તમ ત્યાગધર્મ :** જે મુનિ, મિષ્ટભોજન છોડે, રાગ-દ્વેષને ઉપજાવવાવાળાં ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસ્તિકાનો ત્યાગ કરે તે મુનિને ( ઉત્તમ ) ત્યાગધર્મ હોય છે.

[ અનુસંધાન માટે સામે પાને જુઓ ]

## પર્યુષણપર્વ નિમિત્તે વિભિન્ન સ્થળોએ ધર્મપ્રભાવનાર્થે ગયેલાં વાંચનકારોની નામાવલિઃ—

| | ગામ | વાંચનકાર | | ગામ | વાંચનકાર |
|---|---|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | શ્રી ઈન્દ્રવદનભાઈ શાહ | ૧૩ | આરોન | શ્રી સુભાષભાઈ વાંકાનેર |
| ૨ | દેપાલપુર | ,, દેવજીભાઈ કાનાતળાવ | ૧૪ | જામનગર | ,, હિંમતભાઈ જોબાલિયા |
| ૩ | બેંગલોર | ,, પ્રાણભાઈ કામદાર મુંબઈ | ૧૫ | અમદાવાદ | ,, શશીભાઈ શેઠ ભાવનગર |
| ૪ | ઘાટકોપર | ,, હીરાભાઈ દહેગામ | ૧૬ | ખંડવા | ,, પદમચન્દજી જૈન આગ્રા |
| ૫ | ગ્વાલિયર | ,, પ્રહલાદજી મનસૌર | ૧૭ | રાઘોગઢ | ,, ગોવિંદરામ જૈન ખંડેરી |
| ૬ | મલાડ | ,, ડૉ. પ્રવીણભાઈ રાજકોટ | ૧૮ | સહજપુર | ,, પીંડીયાભાઈ રાજકોટ |
| ૭ | બોટાદ | ,, છબીલભાઈ સુરેન્દ્રનગર | ૧૯ | વાંકાનેર | ,, શાંતીભાઈ ચોકસી અંકલેશ્વર |
| ૮ | સુરત | ,, દિલીપભાઈ ડગલી બોટાદ | | | |
| ૯ | અલવર | ,, પ્રિયંકરજી જૈન હિંગોલી | ૨૦ | જલગાંવ | ,, રમેશભાઈ જૈન મલકાપુર |
| ૧૦ | સુરેન્દ્રનગર | ,, હિંમતભાઈ ડગલી વિંછીયા | ૨૧ | હૈદ્રાબાદ | ,, ચીમનભાઈ મોદી મુંબઈ |
| ૧૧ | ગંજબાસૌદા | ,, બ્ર. સંતોષભાઈ વિદિશા | ૨૨ | ભાવનગર | ,, કાંતિલાલ હરિલાલ |
| ૧૨ | વઢવાણ | ,, બ્ર. વજુભાઈ વઢવાણ | ૨૩ | અમરાવતી | ,, મધુભાઈ જૈન જલગાંવ |

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
મુદ્રક : [illegible] મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ

[ વાર્ષિક લવાજમ [illegible]-૦૦ આજીવન સભ્ય ફી : રૂા. ૧૦૧-૦૦ પ્રત : ૩૧૦૦ ]